**FORM A**

**કાલવડના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,**
**મુકામ-કાલાવડ**

**સમક્ષ : અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, કાલાવડ**

**ફોજદારી કેસ નં.૭૩૦/૨૦૧૪**
આંક -

કાલાવડ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૮/૨૦૧૪

| | | |
|---|---|---|
| **ફરિયાદી** | ધી સ્ટેટ ઓફ ગુજરાત | |
| **ફરિયાદ પક્ષ તરફે** | વિ.એ.પી.પી.શ્રી ડી.ડી.કારીયા | |
| **આરોપી/ઓ** | (૧) | મનસુખભાઈ ઉર્ફે ગીરધરભાઈ વીરજીભાઈ જેસડીયા ઉ.વ.આ.૪૮,રહે.આણંદપર, તા.કાલાવડ,જી.જામનગર |
| | (૨) | હરજીભાઈ વીરજીભાઈ જેસડીયા, ઉ.વ.આ.૫૭, રહે.આણંદપર, તા.કાલાવડ, જી.જામનગર |
| | (૩) | અનિલભાઈ હરજીભાઈ જેસડીયા, ઉ.વ.આ.૩૧, રહે.આણંદપર, તા.કાલાવડ, જી.જામનગર |
| | (૪) | યોગેશભાઈ મનજીભાઈ ભાલારા, ઉ.વ.આ.૨૫, રહે.નિકાવા, તા.કાલાવડ, જી.જામનગર |
| | (૫) | મહેશભાઈ ગોરધનભાઈ ખાપરા, ઉ.વ.આ.૨૯, રહે.મવડી રાજદીપ-૦૩, રાજકોટ |
| **આરોપી પક્ષ તરફે** | વિ.વ.શ્રી કે.પી.વૈષ્ણવ | |

## FORM B

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખ** | ૧૩/૦૯/૨૦૧૪ |
| **એફ.આઈ.આર. નોંધાયા તારીખ** | ૧૪/૦૯/૨૦૧૪ |
| **ચાર્જશીટ દાખલ થયા તારીખ** | ૧૨/૧૨/૨૦૧૪ |
| **તહોમતનામું ઘડયા તારીખ / પ્લી રેકર્ડ કર્યા તારીખ** | ૨૨/૦૪/૨૦૧૫ |
| **ચુકાદા માટે મુકરર થયા તારીખ** | ૨૭/૦૫/૨૦૨૬ |
| **ચુકાદો જાહેર થયા તારીખ** | ૨૪/૦૬/૨૦૨૬ |
| **જો કોઈ સજા ફરમાવી હોય તો તેની તારીખ** | - |

## આરોપી/ઓની વિગત

| અનુ. નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન મુક્ત થયા તારીખ | ગુનાનું તહોમત | નિર્દોષ/ દોષિત | સજા ફરમાવી હોય તો તેની વિગત | ક્રિ.પ્રો. કો.ક.૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન ભોગવેલ સજાનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | મનસુખભાઈ ઉર્ફે ગીરધરભાઈ વીરજીભાઈ જેસડીયા | ૧૯/૦૯/૧૪ | ૧૯/૦૯/૧૪ | **ભારતીય દંડ સંહિતાની કલમ- ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), તથા જી.પી. એક્ટની કલમ- ૧૩૫(૧) મુજબ** | દોષિત | આખરી હુકમ મુજબ | - |
| ૦૨ | હરજીભાઈ વીરજીભાઈ જેસડીયા | ૧૯/૦૯/૧૪ | ૧૯/૦૯/૧૪ | | દોષિત | આખરી હુકમ મુજબ | |
| ૦૩ | અનિલભાઈ હરજીભાઈ જેસડીયા | ૧૯/૦૯/૧૪ | ૧૯/૦૯/૧૪ | | દોષિત | આખરી હુકમ મુજબ | |
| ૦૪ | યોગેશભાઈ મનજીભાઈ ભાલારા | ૧૧/૧૨/૧૪ | ૧૧/૧૨/૧૪ | | દોષિત | આખરી હુકમ મુજબ | |
| ૦૫ | મહેશભાઈ ગોરધનભાઈ ખાપરા | ૧૧/૧૨/૧૪ | ૧૧/૧૨/૧૪ | | દોષિત | આખરી હુકમ મુજબ | |

**ચુકાદો**

(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૩/૦૯/૨૦૧૪ ના રોજ સાંજના સાડા સાત વાગ્યાના અરસામાં ફરીયાદીનાઓ ભાવીનભાઇ પટેલની લીઝ છે ત્યાં હતા તે દરમિયાન આરોપી મનસુખભાઇ વીરજીભાઇ જેસડીયા અને તેનો ભારી હરીભાઇ વીરજીભાઇ, અનીલભાઇ વીરજીભાઇ તેમની સાથે અજાણ્યા માણસો આવેલા અને આવીને ફરીયાદીને કહેવા લાગેલા કે તે અમારી સામે કરેલો કેસ પાછો લઇ લે નહીંતર તને જાનથી મારી નાંખીશુ, આવુ મનસુખભાઇએ કહેલુ. તેમ કહેતા તે ફરીયાદીને ગાળો પણ બોલવા લાગેલા. જેથી ફરીયાદીએ ગાળો બોલાવાની ના પાડતા મનસુખભાઇ ઉશકેરાઈ ગયેલા અને તેના હાથમાં લોખંડ પાઇપ હતો તે ફરીયાદીના જમણા હાથમાં મારેલો તેમજ બીજો ઘા ડાબા હાથમાં મારેલ. તેમની સાથેના બીજા માણસોના હાથમાં લાકડાના ધોકા હતા, તેનાથી ફરીયાદીને શરીરે માર મારવા લાગેલા. આ મનસુખભાઇ ના કમ્મરમાં રીવોલવર હતી તે ફરીયાદીને બતાવીને કહેલ કે આટલી વાર લાગશે, તેમ કહી ફરીયાદીને બેફામ ગાળો દેવા લાગેલા. જેથી ફરીયાદીએ રાડારાડ કરતા ત્યાં વિનુભાઇ બોરીચા અને મુકેશભાઇ ભાટુ આવી ગયેલા અને ફરીયાદીને મારમાંથી છોડાવેલ. આ લોકો બે ફોર વ્હીલરમાં આવેલ હતા. તે ફોર વ્હીલર લઇ ચાલ્યા ગયેલા. ત્યારબાદ ફરીયાદીને ત્યાંથી મો.સા.માં તેમના ભઇડીયામાં લઇ ગયેલા, ત્યાં ફરીયાદીના ભાઈ ધરણાંતભાઇ લખુભાઇ આવી ગયેલા અને ફરીયાદીને કાલાવડ હોસ્પિટલમાં લઇ ગયેલા. ત્યાંથી વધુ સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઇ ગયેલા. ત્યાં સારવારમાં ફરીયાદીના બન્ને હાથે ફ્રેક્ચર થયેલાનું જણાવેલ. આમ, તે મુજબનો આરોપીઓ વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી. એક્ટની કલમ-૧૩૫(૧) મુજબ ગુનો કર્યાનો આક્ષેપ છે.

(૨) આ કામના ફરિયાદીએ કાલાવડ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૭૮/૨૦૧૪ થી તા.૧૪/૦૯/૨૦૧૪ ના રોજ ફરીયાદ નોંધાવેલ. જે ફરીયાદના કામે તપાસ અધિકારીએ પુરતી તપાસને અંતે આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા અત્રેની અદાલતમાં હાલનું ચાર્જશીટ દાખલ કરેલ છે. આરોપીઓને પ્રોસેસની

ધોરણસર બજવણી થતાં આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થયેલા હોઇ, મારા પુરોગામી વિદ્વાન ન્યાયાધીશ સાહેબશ્રીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૦ મુજબ આંક-૦૩ થી તા.૨૨.૦૪.૨૦૧૫ ના રોજ તહોમતનામુ ફરમાવેલ છે અને આંક-૪ થી આંક-૭ સુધી દરેક આરોપીની પ્લી રેકર્ડ કરેલ. અહીં નોંધનીય છે કે, આંક-૦૩ વાળા તહોમતનામામાં મારા પુરોગામી વિ.ન્યાયાધીશ સાહેબશ્રીની સહી થયેલી નથી, પરંતુ તા.૨૨.૦૪.૨૦૧૫ ના રોજકામમાં આંક-૦૩ થી ફરમાવેલ તહોમતનામાનો ઉલ્લેખ છે અને તેમાં મારા પુરોગામી વિ.ન્યાયાધીશ સાહેબશ્રીની સહી પણ થયેલી છે, એટલુ જ નહીં પરંતુ પ્લીમાં પણ તહોમતનામું વાંચી સંભળાવ્યાનો ઉલ્લેખ છે. જેથી તે નહીં માનવાને કોઇ કારણ નથી. જેમાં દરેક આરોપીને ક્રિમી.પ્રોસી.કોડ ક.૨૦૭ મુજબ ચાર્જશીટ અને સાથેના કાગળોની નકલો મળ્યાની ખાત્રી કરવામાં આવેલ. આરોપીઓ એ તેમની સામેના આક્ષેપનો ઇન્કાર કરેલો અને કેસ આગળ ચલાવવા માંગતા હોવાની રજુઆત કરતા સદરહું કામ ફરીયાદ પક્ષના પુરાવા માટે મુકરર કરવામાં આવેલુ.

(૨.૧) જજમેન્ટ તૈયાર કરતી વખતે અત્રેની અદાલતના ધ્યાન ઉપર આવતા આજરોજ આરોપીઓ સામે આંક-૧૩૫ થી ફરીથી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને આંક-૧૩૬ થી ૧૪૦ સુધી દરેક આરોપીની ફરીથી પ્લી રેકર્ડ કરવામાં આવેલી છે. જેમાં પણ આરોપીઓને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલી છે. <u>અહીં નોંધનીય છે કે, આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ આંક-૧૪૧ થી પુરસીસ રજૂ કરી જાહેર કરેલ છે કે, અગાઉ નોંધાઇ ગયેલ પુરાવો ધ્યાને રાખીને જજમેન્ટ પ્રોનાઉન્સ કરવામાં આવે.</u> જે હકીકત મુજબ આરોપી પક્ષ અગાઉ નોંધાઇ ગયેલ પુરાવો કન્સીડર કરીને ચાલતા હોઇ અને વધુ ઉલતપાસ કરવા કે કોઇ પુરાવો રજૂ કરવા માંગતા નહીં હોવાનું માનવાને કારણ હોઇ તેની નોંધ લઇ સદરહું જજમેન્ટ પ્રોનાઉન્સ કરવામાં આવેલ છે.

(૩) આ કામે પ્રોસીક્યુશન તરફે રજૂ થયેલ પુરાવો નીચે મુજબ છે.

## FORM-C

### ફરિયાદ પક્ષ / આરોપી પક્ષ / કોર્ટ દ્વારા નોંધાયેલ સાહેદોનો પુરાવો

### A. ફરિયાદ પક્ષ તરફે મૌખિક પુરાવો

| અનુ. નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૦૧ | રાજશીભાઈ લમણભાઈ સુવાની જુબાની | ફરીયાદી | ૫૬ |
| ૦૨ | ધરણાંતભાઈ લખમણભાઈ સુવાની જુબાની | સાહેદ | ૬૫ |
| ૦૩ | કીશનભાઈ કરશનભાઈ ગમારાની જુબાની | પંચ સાહેદ | ૬૭ |
| ૦૪ | નાસીરભાઈ નુરમામદભાઈ ધુધાની જુબાની | સાહેદ | ૭૦ |
| ૦૫ | મુકેશકુમાર જેઠાભાઈ ભાટુની જુબાની | સાહેદ | ૭૧ |
| ૦૬ | સુરેશભાઈ મનજીભાઈ મેંદપરાની જુબાની | સાહેદ | ૭૩ |
| ૦૭ | વિઠ્ઠલભાઈ કરશનભાઈ વરસાણીની જુબાની | સાહેદ | ૭૪ |
| ૦૮ | ટાબાભાઈ ટપુભાઈ વરસાણીની જુબાની | સાહેદ | ૭૫ |
| ૦૯ | છગનભાઈ ટપુભાઈ વરસાણીની જુબાની | સાહેદ | ૭૬ |
| ૧૦ | વિજયભાઈ ગોરધનભાઈ કાકરીયાની જુબાની | સાહેદ | ૭૮ |
| ૧૧ | જશમતભાઈ ગાંડુભાઈ ગઢીયાની જુબાની | પંચ સાહેદ | ૮૦ |
| ૧૨ | ડો. મેહુલભાઈ હરેશભાઈ શાહની જુબાની | સાહેદ | ૮૨ |
| ૧૩ | રાજેશભાઈ ધનજીભાઈ મારડીયાની જુબાની | પંચ સાહેદ | ૯૩ |
| ૧૪ | મેહુલકુમાર રસીકભાઈ ગોંડલીયાની જુબાની | ત.ક.અ | ૧૦૪ |
| ૧૫ | મુકેશકુમાર મોહનભાઈ સોલંકીની જુબાની | સાહેદ | ૧૦૭ |

### B.આરોપી પક્ષ તરફે મૌખિક પુરાવો, જો કોઈ હોય તો

| અનુ. નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૦૧ | - - - | - - - | - - - |

**C.કોર્ટ દ્વારા નોંધાયેલ પુરાવો, જો કોઈ હોય તો**

| અનુ. નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૦૧ | - - - | - - - | - - - |

**ફરિયાદ પક્ષ / આરોપી પક્ષ / કોર્ટ દ્વારા નોંધાયેલ દસ્તાવેજી પુરાવાની**

**A. ફરિયાદ પક્ષ તરફે રજૂ દસ્તાવેજી પુરાવો**

| અનુ. નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૫૭ | ફરીયાદ |
| ૦૨ | ૮૧ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ |
| ૦૩ | ૮૩ થી ૮૮ | તબીબી સારવારના કાગળો |
| ૦૪ | ૮૯ | તપાસના કામે તા. ૧૪/૦૯/૨૦૧૪ પોલીસ જાણ કરેલ યાદી |
| ૦૫ | ૯૦ | ઇજા અંગેનુ સર્ટી |
| ૦૬ | ૧૦૮ | જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું જાહેરનામુ |

**B. બચાવ પક્ષ તરફે રજૂ દસ્તાવેજી પુરાવો**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | - - - | - - - |

**C. અદાલત દ્વારા નોંધાયેલ દસ્તાવેજી પુરાવો**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | - - - | - - - |

**D. મહત્વનો પુરાવો (મટીરીયલ ઓબ્જેક્ટ)**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | - - - | - - - |

(૪) પ્રસ્તુત કામે ઉપરોક્ત પુરાવો રજૂ થયા બાદ સરકાર પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ. ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ પુરાવા સબબ આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ફરિયાદ પક્ષના આરોપીઓ વિરૂદ્ધ આવેલા પુરાવાઓની હકીકતો નકારી કાઢી છે. આરોપીઓએ જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો પણ ઈન્કાર કરેલો છે. આરોપીઓએ વિશેષમાં જણાવ્યું છે કે, ફરીયાદીના ભાઈ ધરણાંતભાઈને મનસુખભાઇ સાથે ધંધાકીય કારણસર મનદુ:ખ થયેલ હોય, મનદુ:ખના કારણસર ખોટી ફરીયાદ, કેસ કરેલ છે અને તેઓ નિર્દોષ છે. જે તમામ હકીકતો ધ્યાને લીધી.

(૫) પ્રસ્તુત કામે સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી ડી.ડી.કારીયાએ મૌખિક દલીલ કરી છે કે, આ કામે આંક-૫૭ થી ફરિયાદ રજૂ થયેલ છે, જેમાં જણાવેલ હકીકતને ફરિયાદીએ આંક-૫૬ ના સોગંદ ઉપરના પુરાવામાં પુરેપુરૂ સમર્થન આપેલ છે. આરોપીઓ અને ફરિયાદી વચ્ચે અગાઉ ચાલી રહેલા કેસો બાબતની તકરારની અદાવત રાખીને આરોપીઓએ ફરિયાદી ઉપર હુમલો કરેલાની હકીકતને ફરિયાદી અને તેમના ભાઈના સોગંદ ઉપરના પુરાવાથી સમર્થન મળે છે. ફરિયાદીને જે લોખંડના પાઈપથી ઈજા પહોંચાડવામાં આવી હતી તે મુદ્દામાલ ફરિયાદીએ પુરાવા દરમ્યાન ઓળખી બતાવેલ છે. આ કામે ફરિયાદીને પહોંચાડેલી ઈજાઓને પણ મેડીકલ ઓફીસરના પુરાવાથી સમર્થન મળે છે. આ કામે પંચ સાહેદો ફરી ગયેલા જાહેર થયેલા હોવાથી પ્રોસીક્યુશનનો કેસ નિષ્ફળ થઈ જતો નથી. પંચ સાહેદો હોસ્ટાઈલ થયેલા છે તે પંચનામાને તપાસ અધિકારીએ સમર્થન આપેલ છે અને તેના પુરતુ ખંડન કરવા માટે આરોપી પક્ષે કોઈ ઉલટતપાસ કરી નથી.

(૫.૧) વધુમાં સરકાર તરફે દલીલ કરી છે કે, આ કામે ફરિયાદ પક્ષના

કેસની હકીકત મુજબ બનાવ સમયે ફરિયાદીને વધુ મારમાંથી છોડાવનાર બંને સાહેદો પૈકી એક સાહેદ તો અવસાન પામેલા હોઈ, તેમનો પુરાવો નોંધી શકાયેલ નથી પરંતુ બીજા સાહેદ મુકેશભાઈ ભાટુએ બનાવને સ્પષ્ટ સમર્થન આપેલ છે. વળી, આ કામે ફરિયાદ પક્ષના એક સાહેદ સુરેશભાઈની ઉલટતપાસમાં ખુદ આરોપી પક્ષે એડમીશન આપેલ છે કે, બનાવ તારીખે, સમયે અને સ્થળે આરોપીઓની હાજરી હતી. આમ, સમગ્રપણે જોવામાં આવે તો પ્રોસીક્યુશને તમામ આરોપીઓ વિરૂદ્ધ કાયદા વિરૂદ્ધની મંડળી રચી તેના સ્વેચ્છાપૂર્વક સભ્ય બની, હથિયાર તરીકે લોખંડનો પાઈપ તથા ધોકાઓ ધારણ કરીને તેનો ગુનાના કામે ઉપયોગ કરી ફરિયાદી ઉપર હુમલો કરી મહાવ્યથા જેવી ગંભીર ઈજાઓ પહોંચાડીને ગુનો કરેલ હોવાનો ફરિયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર રહીને પુરવાર કરેલ છે. જે હકીકતો ધ્યાને રાખતા આરોપીઓને તકસીરવાન ઠરાવવા ભારપૂર્વક દલીલ કરી છે.

(૬) પ્રસ્તુત કામે આરોપીઓ તરફે વિ.વ.શ્રી કે.પી.વૈષ્ણવે મૌખિક દલીલ કરી છે કે, આંક-૫૭ ની એફ.આઇ.આર મુજબ ગુનો તા.૧૩/૦૯/૨૦૧૪ ના રોજ ક.૧૯:૩૦ વાગ્યે બનેલ છે. જેની ફરીયાદ તા.૧૪/૦૯/૨૦૧૪ ના રોજ બાર કલાકે પોલીસ સમક્ષ જાહેર થયેલી છે. ગુનાવાળી જગ્યાથી પોલીસ સ્ટેશન ૧૮ કિ.મી.ના અંતરે છે. ફરીયાદમાં બે અજાણ્યા ઇસમોનો પણ આરોપીઓ ઉપરાંત ઉલ્લેખ કરેલ છે. આ કામની ફરીયાદ જામનગર સીટી બી ડીવી. પોલીસ ઈન્સપેકટર રુબરુ આપવામાં આવેલ છે. જે કાલાવડ પો.સ્ટે.ના પી.એસ.ઓ. રૂબરૂ પોલીસ કોન્સ્ટેબલે લાવતા નોંધાયેલ છે, જે હકીકત શંકા ઉપજાવે છે. ફરીયાદી બનાવ બાદ સીધા તેમના ભઇડીયા ખાતે જવાને બદલે પોલીસ સ્ટેશન જઇને ફરીયાદ આપી શકતા હતા પરંતુ તેમ નહીં કરી, બનાવ ગોઠવીને જામનગર પો.સ્ટે.માં ફરીયાદ આપેલી છે, જે હકીકત શંકા ઉપજાવે છે.

(૬.૧) વધુમાં આરોપી પક્ષ તરફે દલીલ છે કે, બનાવનું કારણ ફરિયાદ

મુજબ આરોપી નં.૧ મનસુખભાઈ જેસડીયા સામે કોર્ટ કેસ ચાલતો હતો તે બાબતનો ખાર રાખી બનાવ બનેલાનો કેસ છે. આ કામે તપાસ કરનાર અધિકારીએ ફરિયાદીનું કોઈ વિશેષ નિવેદન લીધેલ નથી. પ્રોસીક્યુશન દ્વારા ફરીયાદીએ આંક-૫૬ થી તપાસેલા છે અને ધરણાંતભાઇને આંક-૬૫ થી તપાસેલા છે, એ સિવાય પણ જરૂરી સાહેદો, મેડીકલ ઓફીસર અને ત.ક.અ.શ્રીને તપાસવામાં આવેલા છે, પરંતુ ફરીયાદીએ કાલાવડ સારવાર કરાવ્યા બાદ જામનગર ખાતે સારવાર કરાવી હોય એ અંગેનો કોઇ પુરાવો રેકર્ડ ઉપર રજુ નથી. ફરીયાદીની આંક-૫૬ લગત થયેલ ઉ.ત. જોવામાં આવે તો તા.૧૩/૦૯/૧૪ ના રોજ રાત્રીના ૧૨ વાગ્યા પહેલા હોસ્પિટલ છોડી નિકળી ગયેલા છે અને પ્રાઇવેટ હોસ્પિટલમાં દાખલ થયેલા છે, તો હોસ્પિટલમાં ફરીયાદીની ફરીયાદ કેવી રીતે નોંધાઈ તે એક પ્રશ્ન છે. અહી એવું બનેલ નથી કે, તા.૧૩/૦૯/૨૦૧૪ના રોજ રાત્રીના નહી પરંતુ તેઓ તા.૧૪/૦૯/૨૦૧૪ના રોજ હોસ્પિટલમાં ગયેલા હોય તેવુ ફરીયાદી ઉ.ત.માં સ્પષ્ટ જણાવે છે. ફરીયાદીને તા.૧૩/૦૯/૨૦૧૪ ના રોજ પ્રાઇવેટ હોસ્પિટલમાં દાખલ કરી સારવાર અપાવેલ અંગે કોઇ પુરાવો રજુ થયેલ નથી. તે રીતે જોતાં ઓરલ એવીડન્સ અને મેડીકલ એવીડન્સમાં મટીરીયલ કોન્ટ્રાડીક્શન આવે છે. તેના માટે આરોપી પક્ષ **કિષ્નાગૌડા અને બીજા વિરૂદ્ધ ધી સ્ટેટ ઓફ કર્ણાટકાના ચુકાદામાં ના.સુપ્રિમકોર્ટે** પ્રસ્થતાપિત કરેલ સિધ્ધાંત ઉપર આધાર રાખી હાલના કેસની હકીકતો ધ્યાને રાખતા આરોપીઓની તરફેણમાં અનુમાન કરવા પાત્ર થાય છે તેવી દલીલ કરી છે.

(૬.૨) વધુમાં આરોપીઓ તરફે દલીલ છે કે, ત.ક.અ.શ્રીએ તપાસ દરમિયાન કોઇ પુરાવા મેળવેલ નથી કે ચાર્જશીટ સાથે પણ રજુ કરેલ નથી. જે કોઇ પુરાવા રજુ કરેલ છે તે પાછળથી ઊભા કરીને રજુ કરવામાં આવેલા છે. જે હકીકત આરોપીએ રેકર્ડ ઉપર પુરવાર કરેલી છે. આ કામે ફરીયાદમાં જે અન્ય બે આરોપીઓ જણાવવામાં આવેલ છે, તેમના પુરતી કોઇ ટેસ્ટ આઈડેન્ટીફીકેશન પરેડ ત.ક.અ.શ્રીએ કરાવી નથી, પરંતુ પાછળથી તેમના નામ સીધા જ ઉમેરી દેવામાં આવ્યા છે.

(૬.૩) વધુમાં આરોપીઓ તરફે દલીલ છે કે, ફરીયાદી અને આરોપી મનસુખભાઇ વચ્ચે કોઇ કેસ ચાલતો હોવાની બાબતનો પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. તપાસ અધિકારીએ કોર્ટ કેસ ચાલતો હોવાનુ જણાવેલ છે પરંતુ આવો કોઇ પુરાવો મેળવેલ નથી. આરોપી મનસુખભાઇ સામે કોઇ કેસ નથી તેવુ ત.ક.અ.શ્રી અને અન્ય સાહેદોના પુરાવામાં એડમીશન આવેલ છે. વળી, ફરીયાદમાં જે રીવોલ્વરનો ઉલ્લેખ કરેલ છે તે અંગેનો કોઇ પુરાવો આ કામે રજુ કરેલ નથી. સાહેદોનો પુરાવો પણ ફરીયાદીના પુરાવાથી વિરોધાભાસી છે. ફરીયાદીને કયા હથિયારથી ઇજા કરેલી તે બાબતે ફરીયાદ અને ફરીયાદીની સરતપાસમાં કોન્ટ્રાડીકશન આવે છે. બનાવ વખતે ફરીયાદી તથા આરોપી સિવાય સ્થળ ઉપર અન્ય કોઇ ઇસમ હાજર ન હતા તેવું જણાવેલ છે, જેથી ફરીયાદની હકીકત શંકા ઉપજાવે તેવી છે. આંક-૬૫ થી ફરીયાદીના ભાઇની જે જુબાની થયેલ તેમા તેઓ જણાવે છે કે, હરીભાઇ પાસે લોખંડની પાઇપ હતી અને અન્ય આરોપીઓ પાસે લાકડી હતી જે હકીકત ફરીયાદીના પુરાવાથી કોન્ટ્રાડીક્ટ છે. આ કામે પંચ સાહેદો કોઇ પંચનામાને સમર્થન આપતા નથી અને માત્ર તૈયાર કરી દીધેલા પંચનામામાં સહી કરેલ હોવાની હકીકત બહાર આવેલ છે. એટલું જ નહીં પરંતુ ફરીયાદ પક્ષના સાહેદ નાસીરભાઇ, સુરેશભાઇ, વિઠ્ઠલભાઇ વસાણીનાઓ ફરી ગયેલા સાહેદો જાહેર થયેલા છે.

(૬.૪) વધુમાં આરોપીઓ તરફે દલીલ છે કે, પ્રોસીકયુશને આંક-૯૦ થી ડૉ.મેહુલ શાહને તપાસેલા છે, તેમણે મેડીકલ સર્ટિફીકેટ ઇસ્યુ કરેલ છે. જેમાં દાખલ તા.૧૪.૦૯.૨૦૧૪ ના રોજ બપોરે ક.૦૨-૦૦ વાગ્યે જણાવેલ છે અને ડીસ્ચાર્જ તા.૧૮.૦૯.૨૦૧૪ ના રોજ ક.૦૧-૦૦ વાગ્યે દર્શાવેલ છે આ ડૉ.મેહુલભાઇ શાહ પ્રાઈવેટ હોસ્પિટલ ધરાવે છે. ફરીયાદી તા.૧૩.૦૯.૨૦૧૪ ના રોજ દાખલ થયેલા હોવાની હકીકત આ ડૉકટર નકારી કાઢે છે. આમ, સમગ્ર રીતે જોતા ફરીયાદી અને ડૉક્ટર સાહેદના પુરાવાનું એકસાથે મૂલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદી હોસ્પિટલમાં દાખલ થયા તારીખની બાબતેનું કોન્ટ્રાડીક્શન આવે છે.

(૬.૫) આરોપીઓ તરફે વધુમાં દલીલ એવી છે કે, ત.ક.અ.શ્રી મેહુલભાઇ ગોડલીયાએ યોગ્ય પુરતી તપાસ કરી નથી કે આવશ્યક પુરાવા મેળવેલ નથી, મહત્વના સાહેદોના નિવેદન લીધેલ નથી. પ્રોસીક્યુશને પણ આવા અગત્યના સાહેદોને તપાસવા કોઇ તસ્દી લીધેલ નથી. ફરિયાદમાં જણાવેલ બનાવનું સ્થળ અને પંચનામું વાળુ બનાવનું સ્થળ બંને અલગ અલગ જગ્યાઓ છે, જે હકીકત પણ ત.ક.અ.શ્રીની ઉ.ત.થી પુરવાર થયેલી છે. આથી વિશેષ હકીકતે જોવામાં આવે તો અલગ અલગ ચાર હોસ્પિટલો કે જેમાં કાલાવડ હોસ્પિટલ, જી જી.હોસ્પિટલ - જામનગર, ભગવતી હોસ્પિટલ અને મંગળા હોસ્પિટલનો ઉલ્લેખ આવે છે. તેમાં પણ કોન્ટ્રાડીક્શન આવે છે. ફરીયાદ પક્ષ પોતાનો કેસ શંકાથી પર રહીને પુરવાર કરી શકેલ નથી, જે હકીકતો ધ્યાને રાખી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ભારપુર્વક દલીલ કરેલ છે.

(૭) પ્રસ્તુત કામે ન્યાય નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>મુ દ્દા ઓ</u>**

૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, જુના કેસ બાબતનો પુર્વાગ્રહ રાખી તા.૧૩/૦૯/૨૦૧૪ ના રોજ ફરિયાદી ભાવિનભાઇની લીઝ ઉપર સાંજના સાડા સાતેક વાગ્યે હાજર હતા ત્યારે આરોપીઓએ એકસંપ થઇ કાયદા વિરૂદ્ધની મંડળી રચી તેના સભ્ય બની કેસ પાછો ખેંચી લેવા બાબતે તકરાર કરી, ગાળો બોલી, ઉશકેરાઇ જઇ આરોપી મનસુખભાઇએ લોખંડના પાઇપથી ફરીયાદીના બન્ને હાથે ઇજા પહોંચાડી અને બાકીના આરોપીએ ધોકાથી ફરીયાદીને શરીરે મારમારી આરોપીએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહીતાની ક.૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૨૩, ૩૨૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

૨) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, બનાવ તારીખે, સમયે અને સ્થળે આરોપીઓએ કાયદા વિરૂદ્ધની મંડળી રચી તેના સભ્ય બની હથિયાર ધારણ કરી ફરિયાદી સાથે તકરાર કરી ફરિયાદીને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહીતાની ક.૫૦૪, ૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

૩) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, બનાવ તારીખે, સમયે અને સ્થળે જીલ્લા મેજી.શ્રીનું હથિયારબંધીનુ જાહેરનામુ અમલમાં હોવાછતાં આરોપીઓએ ફરીયાદી સાથે તકરાર કરી ગાળો બોલી ધોકા ધારણ કરી તેનો હથિયાર તરીકે ઉપયોગ કરી ફરીયાદીને ઈજા પહોંચાડી ફેકચર કરી જી.પી. એકટની કલમ-૧૩૫(૧) મુજબનો ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

૪) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વે ન્યાય નિર્ણયો નીચે મુજબ છે.

૧) હકારમાં.
૨) અંશતઃ હકારમાં.
૩) હકારમાં.
૪) આખરી હુકમ મુજબ.

**<u>કા ર ણો</u>**

(૯) જો ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરીને આરોપી/ઓ સામેનો આક્ષેપ નિઃશંકપણે એવી રીતે પુરવાર કરે કે જેનાથી ફરીયાદ પક્ષના પુરાવામાં શંકા ઉદ્ભવતી ન હોય અને એક અતૂટ સાંકળની જેમ દરેક કડીઓ એકબીજાને સાંકળે તેવો સળંગ અને મજબૂત પુરાવો ઉબલબ્ધ થાય તો જ આરોપી/ઓ સામેનો આક્ષેપ નિઃશંકપણે પુરવાર થયેલ માની શકાય. પરંતુ, જો ફરિયાદ પક્ષનો પુરાવો શંકાસ્પદ જણાય તો તેનો સીધો લાભ આરોપી/ઓને જ મળવો જોઈએ. તેથી ફરીયાદ પક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવાનું ઊંડાણપૂર્વક ગુણદોષ ઉપર મૂલ્યાંકન કરવુ જરૂરી થઈ પડે છે.

**<u>મુદ્દા નં.૧ થી ૩ સંયુક્ત</u>**

પ્રસ્તુત કામે ઉપસ્થિત મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોઈ, ચર્ચાનું પુનરાવર્તન ટાળવા સારૂ અલાયદો ઉલ્લેખ નહીં કરતાં, અહીં આપવામાં આવેલા કારણોમાં સંયુક્ત ચર્ચા કરવામાં આવેલ છે.

(૧૦) પ્રસ્તુત કામે ગુણદોષ ઉપર ચર્ચા કરતા પહેલા રેકર્ડ પર ઉપલબ્ધ પુરાવાનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો આવશ્યક છે. આ કામે સૌ પ્રથમ ફરીયાદી સાહેદ રાજશીભાઈ લખમણભાઈ સુવાને આંક-પ૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, તેમના સોગંદ ઉપરના પુરાવાનું મૂલ્યાંકન કરવું આવશ્યક જણાય છે. ફરીયાદી સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, તા.૧૩.૦૯.૨૦૧૪ ના રોજ સાંજના સાત થી સાડા સાતના ગાળામાં ભાવિનભાઈની કપસીની ભઈડીયાની જગ્યાએ હતા, તે દરમ્યાન મનસુખભાઈ, હરીભાઈ, અનિલભાઈ, યોગેશભાઈ અને મહેશભાઈ નાઓ આવેલા. તેમને મનસુખભાઈએ ભુંડી બોલી ગાળો (તારી માનો પીકો, તારી બેનને સોડી) જેવી બોલવા લાગેલા અને જુના કેસ પાછા ખેંચી લો નહીંતર મુસીબત થશે એમ કહી મનસુખભાઈએ માથા ઉપર હુમલો કરેલો. તે પાઈપ તેઓને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. તેમ કહી ફરીયાદીએ તેમના પુરાવા દરમ્યાન મુદામાલ પાઈપ બતાવવામાં આવતા ઓળખી બતાવેલ છે અને તેના વડે તેમને માર મારવામાં આવેલો તેવું જણાવે છે. જ્યારે મુદામાલમાં રજુ લાકડી બતાવતા સ્પષ્ટ કહે છે કે, આ લાકડી તે નથી કે જેના વડે તેઓને માર મારવામા આવેલો.

(૧૦.૧) વધુમાં ફરિયાદી સાહેદ સરતપાસમાં જણાવે છે કે, તેમણે વચ્ચે હાથ રાખતા તેમને જમણા હાથમાં ઈજા થયેલ, બીજો હુમલો કરતા તેમણે ડાબો હાથ આડો રાખતા તેમને ડાબા હાથમાં પણ ફેકચર થયેલુ. હરીભાઈ, અનિલભાઈ તથા બીજા બધા સાથે આવેલ, બધા પાસે લાકડાના ધોકા હોય જેના વડે માર મારવા લાગેલા. જતા જતા મનસુખભાઈએ રીવોલ્વર બતાવીને કહેલ કે “આટલી વાર લાગશે” અને ત્યારબાદ તેઓ ફોરવ્હીલ લઈને જતા રહેલા. જ્યાંથી તેમનો પ્લાન્ટ નજીક હોય વિનુભાઈ વાંક અને મુકેશભાઈ ભાટુ આવી ગયેલા અને ફરિયાદીને તેઓના પ્લાન્ટે લઈ ગયેલા. જ્યાંથી તેમના ભાઈ ધરણાંતભાઈને ફોન કરી તેઓને કાલાવડ સરકારી દવાખાને લઈ ગયેલા. જ્યાંથી વધુ સારવાર માટે જામનગર જી.જી.હોસ્પિટલ ખાતે લઈ ગયેલા. જ્યાં શનિવાર-રવિવાર હોવાના કારણે તેમને

પીડા વધારે થતી હોય જામનગરમાં પ્રાઈવેટ દવાખાનામાં સારવાર માટે લઈ ગયેલા. ત્યાં બીજા દિવસે એટલે કે રવિવારે તેમનું ઑપરેશન કરેલુ. ત્યારબાદ તેમને દવાખાને આશરે ૦૫ થી ૦૬ દિવસ દાખલ કરી સારવાર કરેલી. આ બનાવ અંગે તેમણે આરોપીઓ વિરૂદ્ધ ફરીયાદ આપેલી, તેમ કહી સાહેદે ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવી છે. આ સાહેદના પુરાવા દરમિયાન ફરીયાદ આંક-૫૭ થી રજુ થયેલી છે. ત્યારબાદ આ સાહેદે સરતપાસ દરમિયાન આરોપીઓને જોયેથી ઓળખતા હોવાનું જણાવી નામ.કોર્ટમાં હાજર હોવાનું જણાવેલ છે.

(૧૦.૨) આ સાહેદની આરોપી પક્ષના વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટતપાસ કરી છે. જેમાં સાહેદે સ્વીકાર્યું છે કે, નિકાવા ગામે તેઓ છેલ્લા ૨૪ વર્ષથી રહે છે, નિકાવામાં તેઓ એરટેલના ટાવરની બાજુમાં રહે છે. સાહેદે સ્વીકાર્યું છે કે, તેઓના ભાઈ ધરણાંતભાઈનું હુલામણુ નામ ધનાભાઈ છે. સાહેદે સ્વીકાર્યું છે કે, તેઓના ભાઈ ધરણાંતભાઈ પણ અગાઉ નિકાવા ગામે રહેતા હતા. સાહેદે સ્વેચ્છાએ જણાવ્યું છે કે, તેઓને નિકાવાની બાજુમાં કપચીના ભઈડીયાનો ધંધો છે, તે કારણે તેઓ નિકાવામાં રહે છે. આ ભઈડીયાની લીઝ તેમના ભાઈ તેમજ ભાભીના અલગ અલગ નામે છે. સાહેદે સ્વીકાર્યું છે કે, યોગેશભાઈ મનજીભાઈ ભાલારા નિકાવા ગામના રહીશ છે. સાહેદે સ્વીકાર્યું છે કે, યોગેશભાઈ મનજીભાઈ ભાલારા પણ તેઓની જેમ લીઝ ધરાવે છે અને તેની લીઝ બનાવવાળા સ્થળ તથા તેઓના ભઈડીયાની બાજુમાં આવેલ છે. સાહેદે સ્વીકાર્યું છે કે, તેઓ તથા તેઓના ભાઈ ધરણાંતભાઈ પાસે બનાવના અરસા પહેલાથી એસેન્ટ ગાડી હતી. સાહેદે સ્વીકાર્યું છે કે, તેઓએ તેમની એસેન્ટ ગાડીમાં બનાવના અરસા અગાઉ મેટોડા ફોરવ્હીલના ગૅરેજમાં ગેસ કીટ બેસાડેલી. સાહેદે સ્વેચ્છાએ જણાવ્યું છે કે, એ વાત ની તેમને ખબર નથી આ ગૅરેજ આરોપી મહેશભાઈ ગોરધનભાઈ ખાપરાની માલીકીનું છે કે કેમ. સાહેદે સ્વેચ્છાએ જણાવ્યું છે કે, તેઓની ગાડીમા સી.એન.જી.નું કામ તેઓનો ભત્રિજો સંભાળે છે, એટલે તેમને ખબર નથી.

(૧૦.૩) વધુમાં સાહેદે સ્વીકાર્યું છે કે, મહેશભાઈ ગોરધનભાઈ ખાપરા એ નિકાવાના નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, બનાવવાળુ સ્થળ નિકાવાથી દક્ષિણે ચારણ-પીપરીયા રોડ ઉપર, રોડથી પશ્ચિમે નદી પછી આવેલ છે અને ત્યાં નદી ઉપર આવેલ પુલ ઉપરથી જવાય છે. સાહેદે સ્વીકાર્યું છે કે, આ કામના આરોપીઓ સામે હાલના કેસ સિવાય તેઓએ કોઈ બીજો પ્રકારનો કેસ કરેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, બનાવ અરસા અગાઉના સમયથી આરોપી મનસુખભાઈ ઉર્ફે ગીરધરભાઈ તેમનાભાઈ ઘરણાંતભાઈ તથા ભાભી લીલીબેન સાથે સ્ટોન ક્રશરના ધંધામાં ભાગીદાર હતા. સાહેદે સ્વીકાર્યું છે કે, તે ભાગીદારીના ધંધા બાબતે ઘરણાંતભાઈ તથા લીલીબેન અને આરોપી મનસુખભાઈ ઉર્ફે ગીરધરભાઈ વચ્ચે મતભેદો અને મનદુઃખ થયેલ છે. સાહેદે સ્વીકાર્યું છે કે, બનાવવાળા સ્થળની બાજુમાં આવેલ સરકારી જમીનમાં નિરાધાર ગાયોને ચરાવવામાં આવે છે. સાહેદે સ્વીકાર્યું છે કે, બનાવ તા.૧૩.૦૯.૨૦૧૪ ના રોજ તેઓના ભાઈ ઘરણાંતભાઈ જામનગર મુકામે હતા. <u>સાહેદે સ્વીકાર્યું છે કે, મનસુખભાઈએ પાઈપથી તેમને માથા ઉપર હુમલો કરેલો તેવી હકીકત તેઓએ તેમની પોલીસ રૂબરૂની ફરીયાદમાં લખાવેલ નથી.</u> સાહેદે સ્વીકાર્યું છે કે, લાકડાના ધોકા અને લાકડી બંને અલગ અલગ વસ્તુ છે. <u>સાહેદે સ્વીકાર્યું છે કે, તેઓની પોલીસ રૂબરૂની ફરીયાદમાં તેઓને લાકડીથી માર મારવામાં આવેલ હોય તેવું લખાવેલ નથી.</u>

(૧૦.૪) વધુમાં સાહેદે જણાવ્યું છે કે, બનાવના દિવસે તેઓ કાલાવડ સરકારી દવાખાને સારવાર કરાવવા માટે આવેલ, તે વખતે આશરે રાત્રિના આઠેક વાગ્યા હશે. સાહેદે વધુમાં સ્વેચ્છાએ એવું પણ જણાવ્યું છે કે, તેઓએ કાલાવડ સરકારી દવાખાને સારવાર લીધેલ હતી, એ વખતે સરકારી દવાખાનામાં કયા ડૉક્ટરે તેમની સારવાર કરેલી તેની તેમને ખબર નથી. <u>સાહેદે સ્વેચ્છાએ જણાવ્યું છે કે, આ ડૉક્ટરે બનાવ અને ઈજા બાબતે તેઓની સાથે કોઈ ચર્ચા કરેલ નથી. સાહેદે સ્વેચ્છાએ જણાવ્યું છે કે, તેઓના ભાઈ સાથે ચર્ચા કરેલી.</u> સાહેદે જણાવ્યું છે કે, એ વાતની તેમને ખબર નથી કે, તેઓના ભાઈએ ડૉક્ટર સાહેબને બનાવ કે ઈજા બાબતે જાણ કરેલી હતી કે

કેમ, તેમણે કોઈ જાણ કરેલી નથી. સાહેદે જણાવ્યું છે કે, સરકારી દવાખાને આશરે ૧૫ થી ૨૦ મિનિટ રોકાયેલ, ત્યારબાદ તેઓ સારવાર કરાવવા માટે જામનગર જી.જી.હોસ્પિટલમાં ગયેલ હતો અને સારવાર માટે જી.જી.હોસ્પિટલમાં દાખલ થયેલ. સાહેદે જણાવ્યું છે કે, તેઓ જામનગર જી.જી.હોસ્પિટલમાં અંદાજે રાત્રિના દસેક વાગ્યે દાખલ થયેલ. સાહેદે સ્વીકાર્યું છે કે, જી.જી.હોસ્પિટલ એ સરકારી હોસ્પિટલ છે અને રજા દિવસોમાં પણ હોસ્પિટલમાં સારવાર ચાલુ હોય છે. સાહેદે જણાવ્યું છે કે, જામનગર જી.જી.હોસ્પિટલમાં તેઓને કયા ડૉક્ટરે સારવાર આપી તેનું આખુ નામ તેમને ખબર નથી. સાહેદે સ્વેચ્છાએ જણાવ્યું છે કે, ડૉક્ટર મહેતા તરીકે હતા. સાહેદે જણાવ્યું છે કે, જી.જી.હોસ્પિટલમાં તેમણે કલાકથી દોઢકલાક સુધી સારવાર લીધેલી. સાહેદે સ્વીકાર્યું છે કે, તા.૧૩.૦૯.૨૦૧૪ ના રોજ અને તા.૧૪.૦૯.૨૦૧૪ ના રોજ જી.જી.હોસ્પિટલ ચાલુ હતી. સાહેદે જણાવ્યું છે કે, આ હોસ્પિટલમા ડૉક્ટરે તેઓને સારવાર આપવાની ના પાડી હોય એવું બનેલ નથી તેમજ ડૉક્ટરે તેમને સ્વૈચ્છિક રજા આપી હોય એવું પણ બનેલ નથી. સાહેદે જણાવ્યું છે કે, વ્યવસ્થિત અને ઝડપથી સારવાર મેળવવા માટે જી.જી.હોસ્પિટલમાં તેઓએ સારવાર કરાવેલ નહીં. સાહેદે જણાવ્યું છે કે, જી.જી.હોસ્પિટલના ડૉક્ટર સાહેબનું નામ કદાચ ડૉ.શાહ હોઈ શકે, ચોક્કસ નામ તેમને યાદ નથી. <u>સાહેદે જણાવ્યું છે કે, તેઓએ જયારે જી.જી.હોસ્પિટલ માં સારવાર લીધેલ એ વખતે બનાવ અને ઈજા બાબતે તેઓના ભાઈએ ડૉક્ટર સાહેબને વાત કરેલી.</u>

(૧૦.૫) વધુમાં સાહેદે ઉલટતપાસમાં જણાવ્યું છે કે, *તેઓ તા.૧૩.૦૯.૨૦૧૪ ના રોજ રાત્રિના બારેક વાગ્યે જી.જી.હોસ્પિટલ છોડીને નિકળેલ હતા અને તા.૧૩.૦૯.૨૦૧૪ ના રોજ તેઓ પ્રાઈવેટ હોસ્પિટલમા રાત્રિના પોણાબાર બાર વાગ્યા વચ્ચે દાખલ થયેલ હતા.* સાહેદે જણાવ્યું છે કે, પ્રાઈવેટ હોસ્પિટલે જવાનો નિર્ણય તેઓએ પરીવારના સભ્યો એ ચર્ચા કરીને લીધેલો અને સારા ડૉક્ટરની તપાસ કરી પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર કરાવેલી. સાહેદે એ હકીકત નકારી કાઢતાં જણાવ્યું છે

કે, એવું બનેલ નથી કે, તા.૧૩.૦૯.૨૦૧૪ ના રોજ રાત્રિના પોણાબારથી બાર વચ્ચે નહીં પરંતુ તા.૧૪.૯.૨૦૧૪ ના રોજ બપોરના તેઓ પ્રાઇવેટ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયેલ હતા. સાહેદે જણાવ્યું છે કે, તેઓના ડાબા હાથ તથા જમણા હાથમાં ફ્રેક્ચર થયેલ છે તે વાત તેઓને કાલાવડ સરકારી દવાખાનાના ડૉક્ટર સાહેબે કરેલી. સાહેદ જણાવ્યું છે કે, કાલાવડ સરકારી દવાખાને તેઓના હાથના એક્સ-રે લેવામાં આવેલા કે કેમ તે તેઓને હાલ યાદ નથી. સાહેદ જણાવ્યું છે કે, જામનગર જી.જી.હોસ્પિટલમાં તેઓના હાથના એક્સ-રે લેવામાં આવેલા, તે ડૉકટરે તેમને હાથમાં પ્લાસ્ટર કરેલ નહીં. સાહેદે જણાવ્યું છે કે, તા.૧૩.૦૯.૨૦૧૪ થી કઇ તારીખ સુધી ચોક્કસ કેટલા દિવસ તેઓ પ્રાઈવેટ હોસ્પિટલમાં રોકાયેલ તે તેઓ કહી શકે નહીં. સાહેદે સ્વેચ્છાએ જણાવ્યું છે કે, આશરે ૦૫ થી ૦૬ દિવસ દાખલ થયેલો. સાહેદે જણાવ્યું છે કે, પ્રાઈવેટ હોસ્પિટલ ના ડોકટરને તેઓના ભાઇએ તેઓની ઈજા બાબતે અને બનાવ બાબતે જાણ કરેલી. સાહેદે જણાવ્યું છે કે, બનાવ દરમયાન તેઓને તેમના બન્ને હાથોમાં ચામડીના ભાગે ઈજા થયેલી, તેમના બન્ને હાથોના સ્નાયુઓમાં (મસલ્સ) કાંઈ ઈજા થયેલ નહી, તેમના શરીરના કોઈ પણ ભાગમાં ઈજાના કારણે લોહી નિકળેલ નહીં. સાહેદે જણાવ્યું છે કે, બનાવ દરમયાન તેમણએ પહેરેલા કપડા ફાટેલ કે તુટેલ ન હતા.

(૧૦.૬) વધુમાં સાહેદે ઉલટતપાસમાં સ્વીકાર્યું છે કે, <u>તેઓએ પોલીસને ફરિયાદ આપેલ તે વખતે અને ત્યારપછી ક્યારે પણ આરોપી યોગેશ મનજીભાઈ ભલારા તથા મહેશ ગોરધન ખાપરાના નામો લખાવેલ કે જણાવેલ નથી, તેમણે તા.૧૩.૦૯.૨૦૧૪ ના રોજ પોલીસને બનાવની જાણ કરી બનાવની ફરિયાદ લખાવેલ છે.</u> **<u>સાહેદે જણાવ્યું છે કે, ફરિયાદની હકીકતો તેઓએ જાતે લખાવેલી છે.</u>** સાહેદે સ્વીકાર્યું છે કે, નિકાવા ગામે સરકારી દવાખાનુ છે અને તેમાં રેગ્યુલર ડૉક્ટર પણ છે. સાહેદે સ્વીકાર્યું છે કે, નિકાવા ગામે આઉટ પોસ્ટ પોલીસ ચોકી પણ છે. સાહેદે જણાવ્યું છે કે, બનાવ વખતે તેઓના તથા આરોપીઓ સિવાય સ્થળ ઉપર અન્ય કોઇ

ઈસમો હાજર ન હતા. સાહેદે જણાવ્યું છે કે, આ કામની ફરિયાદ આપ્યા બાદથી આજદીન સુધી પોલીસે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ તેઓની રૂબરૂ આરોપીઓની કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી.

(૧૧) પ્રસ્તુત કામે ફરિયાદ હકીકત મુજબ ફરિયાદીને આરોપીઓના વધુ મારમાંથી બચાવનાર વિનુભાઈ બોરીચા અને મુકેશભાઈ ભાટુ મહત્વના સાહેદો જણાય છે. જે પૈકી આ કામે સાહેદ વિનુભાઈ આંક-૬૯ થી રજૂ દાખલા મુજબ અવસાન પામેલા હોઈ તેમનો સોગંદ ઉપર પુરાવો નોંધી શકાયેલ નથી. જ્યારે બીજા મહત્વના સાહેદ મુકેશભાઈ જેઠાભાઈ ભાટુને આંક-૭૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવ્યા છે. સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, બનાવ વર્ષ ૨૦૧૪ માં બનેલો, તે સમયે તેઓ ભોલેનાથ સ્ટોન ક્રશરમાં સુપરવાઈઝર કમ મહેતાજી તરીકે કામ કરતાં હતા. તે સમયે ઓફીસે કપચી લેવા માટે વિનુભાઈ આયદનભાઈ વાંક તેમની ઓફીસે આવેલા, તેમને કપચી લેવા માટે રાજશીભાઈને મળવું હતું. જેથી રાજશીભાઈ તેમની સામેની લીઝ કે જે આશરે અડધો કિલોમીટર દૂર હોય ત્યાં જવાનું કહેતા તેઓ તથા વિનુભાઈ બંને જણા સામેની લીઝ ઉપર ગયેલા. જ્યાં રાજશીભાઈને અને મનસુખભાઈ તથા અન્ય ચાર જણા આમ મળી પાંચ જણા વચ્ચે મારામારી ચાલતી હતી. <u>રાજશીભાઈને મનસુખભાઈ તથા તેમની સાથેનો લોકો લોખંડના પાઈપ વડે મનસુખભાઈ માર મારતા હતા</u> અને બનાવમાં તેમણે તથા વિનુભાઈએ વચ્ચે પડીને છોડાવેલા. <u>આ બનાવમાં રાજશીભાઈને હાથમાં તથા પગના ભાગે લાગેલ હતુ.</u> તેમને તેઓ ઓફીસે પ્લાન્ટ ઉપર લઈ આવેલા. ત્યારબાદ રાજશીભાઈના મોટાભાઈ ધનાભાઈ ઓફીસે આવેલા અને તેમને દવાખાને લઈ ગયેલા. <u>બનાવ તેમણે નજરે જોયેલો.</u> તેમને મુદ્દામાલ વાળો લોખંડનો પાઈપ બતાવવામાં આવે તો જોયેથી તેઓ ઓળખી ન શકે. <u>મનસુખભાઈએ જતાં જતાં રાજશીભાઈને કહેલ કે આગળના બધા કેસ પાછા ખેંચી લેજે નહીં તો જાનથી મારી નાંખીશ અને ગાળો આપેલી.</u> કઈ કઈ ગાળો આપેલી તે હાલ યાદ નથી. આ સિવાય બીજુ કાંઈ બનેલ હોય તે તેમને યાદ

નથી. તેઓ આરોપીઓને જોયેથી ઓળખતા હોવાનું જણાવી આરોપી નં.૧ થી ૩ નાઓ ના.કોર્ટમાં હાજર હોઈ ઓળખી બતાવે છે, જ્યારે આરોપી નં.૪, ૫ ની ઓળખની તકરાર જતી કરવામાં આવેલી.

(૧૧.૧) આ સાહેદની આરોપી પક્ષના વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટતપાસ કરી છે. જેમાં સાહેદે સ્વીકાર્યું છેકે, બનાવના આરસામાં તેઓ ફરિયાદી તથા તેના ભાઈ ધરણાંતભાઈની ભોલેનાથી સ્ટોન ક્રશરમાં નોકરી કરતા હતા. સાહેદે જણાવ્યું છે કે, તેઓ આ બનાવના સમયગાળાના અગાઉના અરસાથી નોકરી કરતા હતા. સાહેદે જણાવ્યું છેકે, તેમણે તેમની સરતપાસમાં સામેની લીઝ તેમ લખાવેલ છે, તે કોની લીઝ છે તેની તેમને ખબર નથી. સાહેદે જણાવ્યું છે કે, આશરે તા.૧૩.૦૯.૨૦૧૪ ના રોજ સાંજના સાડા પાંચ વાગે તેમની પાસે વિનુભાઈ આયદાનભાઈ વાંક ઓફીસે આવેલા, વિનુભાઈ આવ્યા બાદ તેમની પાસે દસેક મિનિટ જેવા ઉભા રહેલા અને તેમને રાજશીભાઇને મળવાનું કીધેલુ. સાહેદે જણાવ્યું છે કે, બનાવ વખતે કોઈ રાડારાડી થયેલ અને રાડારાડી સાંભળી તેઓ અને વિનુભાઈ બનાવ સ્થળે ગયેલ હોય તેવું બનેલ નથી. સાહેદે ઝઘડાનો બનાવ બની ગયા બાદ તેઓ અને વિનુભાઈ બનાવના સ્થળે પહોંચેલ હોવાની હકીકત નકારી કાઢી ત્યારબાદ સ્વેચ્છાએ જણાવ્યું છે કે, ઝઘડાના સમયે તેઓ બનાવ વાળા સ્થળે પહોંચી ગયેલા.

(૧૧.૨) વધુમાં સાહેદે ઉલટતપાસમાં સ્વીકાર્યું છે કે, આરોપી મનસુખભાઈને તેઓ બનાવના અરસા અગાઉથી ઓળખતા હતા, આરોપી મનસુખભાઈ તેમના પ્લાન્ટ પાસેથી અવારનવાર નિકળતા હોય તેઓ તેમને ઓળખતા હતા. સાહેદે જણાવ્યું છે કે, મનસુખભાઈ સિવાયના બીજા આરોપીને તેઓ અગાઉથી ઓળખતા ન હતા. પોલીસે બનાવ બાબતે તેમની પુછપરછ કરેલી, કેટલા દિવસ પછી પુછપરછ કરેલી તે યાદ નથી. આરોપી અને તેમના સિવાય બનાવના સ્થળે બીજા કેટલા

માણસો હાજર હતા તે તેમને હાલ યાદ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, બનાવ વખતે પોલીસે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ કોઇ ઓળખ પરેડ કરાવેલ નથી.

(૧૨) પ્રોસીક્યુશનના કેસની હકીકત મુજબ ફરિયાદીને વધુ મારમાંથી છોડાવનાર આ સાહેદ મુકેશભાઈના પુરાવાનો અભ્યાસ કર્યા બાદ હવે ફરિયાદીને સારવાર માટે લઈ જનાર તેમના ભાઈ ધરણાંતભાઈના સોગંદ ઉપરના પુરાવાનું મૂલ્યાંકન કરવું આવશ્યક છે. આ કામે સાહેદ ધરણાંતભાઈ લખમણભાઈ સુવાને આંક-૬૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવ્યા છે. સાહેદ સરતપાસમાં જણાવે છે કે, તા.૧૩.૦૯.૨૦૧૪ ના રોજ ભાવિનભાઈની ભઈડીયાની લીઝ વાળી જગ્યા ઉપર ભોલેનાથ ભઈડીયાની બાજુમાં બનાવ બનેલો. બનાવના દિવસે તેઓનો નાનો ભાઈ રાજશીભાઈ નાઓ ભાવિનભાઈની લીઝ ઉપર જેસીબી લઈને માટી કામ કરતા હતા ત્યારે મનસુખભાઈ ઉર્ફે ગીરધરભાઈ, તેમના ભાઈ હરીભાઈ, હરીભાઈના પુત્ર અનિલભાઈ તેમજ બે અન્ય ઈસમો કે જેમના નામો તેઓને હાલ યાદ નથી પરંતુ તેઓ કોર્ટમાં હાજર હોય ઓળખી બતાવી ગીરધરભાઈએ આવીને તેઓના ભાઈ રાજશીભાઈ સાથે ઝઘડો કરેલો તેમ જણાવે છે. આ ઝઘડો ગીરધરભાઈએ આવડ સ્ટોન ક્રશરના નામે લોન લીધેલ હતી, તેમા તેઓ તથા તેઓના ભાઈ રાજશીભાઈ ગેરન્ટર હતા અને તેઓનું સંયુકત મકાન મોર્ગેજ કરેલ હોય જેમાં સેન્ટ્રલ બેન્ક મેટોડામાંથી લોન લઈ લોન ભરપાઈ કરેલ ન હોય જેથી જે લોન એન.પી. થતા ૧૩(૨) મુજબની જપ્તિની નોટીસ નિકળતા તેઓ ડી.આર.ટી.માં કાર્યવાહી કરવા ગયેલા. જેમાં ગીરધરભાઈની માલીકીની સ્વીફ્ટ ટાઈલ્સની ફેકટરી જે મેટોડા ખાતે આવેલ હોય જેની હરાજીનો ઓર્ડર થયેલો, જે કેસ પરત ખેંચવા માટે આ ઝઘડો કરેલો.

(૧૨.૧) વધુમાં સાહેદ સરતપાસમાં જણાવે છે કે, આ બનાવમાં સાંજના સાડાપાંચ વાગ્યે ભાવિનભાઈના લીઝની જગ્યાએ ઉપરોક્ત જણાવેલ તમામ ઈસમો એ તેમને માર મારેલા આ બનાવમા તેઓના ભાઈ રાજશીએ જણાવેલ કે મનસુખ ઉર્ફે

ગીરધરભાઈ પાસે લોખંડનો પાઈપ હતો, હરીભાઈ પાસે લોખંડનો પાઈપ હતો, બાકીના ત્રણ લોકો પાસે લાકડી હતી, લાકડી વડે મારમારેલો. જે બનાવના દિવસે તેઓને વિનુભાઈએ ફોન કરેલો કે રાજશીને ઉપરોક્ત જણાવેલ લોકોએ મારેલ છે. જેથી તેઓ તાત્કાલિક તેમનું વાહન લઈને ભઈડીયે આવેલો. જ્યાંથી તેઓ રાજશીભાઈને કાલાવડ સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલ. જ્યાંથી વધુ સારવાર માટે જામનગર સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલા. જ્યાં શનિ-રવિની રજા આવતી હોય ઑપરેશન ન થતાં જામનગર ખાતે પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર ખાતે લઈ ગયેલા, જે હોસ્પિટલનું નામ મંગલમ્ હોસ્પિટલ છે. જ્યાં રાજશીભાઈના બન્ને હાથનું ઑપરેશન કરી સારવાર આપેલી. જેમને ત્યાં ત્રણ થી ચાર દિવસ સારવાર માટે દાખલ રાખેલા. ઉપરોકત બનાવની ફરિયાદ તેઓના ભાઈ રાજશીભાઈએ આપેલી. આ સિવાય અન્ય કોઈ બનાવ બનેલ હોય કે કોઈએ કાંઇ કહેલ હોય તેવુ બનેલ નથી. હાલના બનાવનું કારણ ઉપરોકત જણાવ્યા મુજબનું હોય સદરહું કામે પોલીસે તેઓનું નિવેદન લીધેલું.

(૧૨.૨) આ સાહેદની આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટતપાસ કરી છે, જેમાં સાહેદે જણાવ્યું છે કે, તેઓ નિકાવા મુકામે આશરે ત્રણ વર્ષથી રહે છે. તેઓ બનાવના અરસામાં નિકાવા ગામે રહેતા હતા. સાહેદે સ્વીકાર્યું છે કે, આરોપીઓને તેઓ બનાવના અરસા અગાઉથી ઓળખે છે. સાહેદે જણાવ્યું છે કે, આરોપી ગીરધરભાઈ સાથે તેમના પત્ની અને ભત્રિજા લાખાભાઈ સાથે ભાગીદારીનો ધંધો હતો. સાહેદે સ્વીકાર્યું છે કે, આ ભાગીદારી બાબતે આરોપી ગીરધરભાઈ સાથે બનાવના અગાઉથી તેઓને મનદુઃખ ચાલતુ હતુ. સાહેદે જણાવ્યું છે કે, તેમનો ભાઈ રાજશીભાઈ નિકાવા મુકામે છેલ્લા ૧૦ થી ૧૫ વર્ષથી રહે છે. સાહેદે સ્વીકાર્યું છે કે, આરોપી યોગેશભાઈ નમજીભાઈ ભલારા નિકાવા ગામે રહે છે. સાહેદે સ્વીકાર્યું છે કે, યોગેશભાઈ લીઝ ધરાવે છે અને તેની લીઝ બનાવ વાળા સ્થળ તથા તેમના ભાઈના ભઈડીયાની બાજુમાં આવેલ છે. સાહેદે સ્વીકાર્યું છે કે, બનાવના અરસા પહેલા તેમની

પાસે એસેન્ટ ગાડી હતી. સાહેદે સ્વીકાર્યું છે કે, તેમની એસેન્ટ ગાડીમાં બનાવના અરસા અગાઉ મેટોડા ફોરવ્હીલ ગૅરેજમાં ગેસની કીટ બેસાડી. સાહેદે જણાવ્યું છે કે, તેમને ખબર નથી કે આ ગૅરેજ આરોપી મહેશભાઈ ગોરધનભાઈ ખાપરાની માલીકીનું છે કે કેમ.

(૧૨.૩) વધુમાં સાહેદે ઉલટતપાસમાં જણાવ્યું છે કે, તેઓ જામનગર તાલુકાના લાવડીયા ગામની સીમમાં આવેલ તેમની વાદીએ હતા. સાહેદે જણાવ્યું છે કે, ભઈડીયો યાને લીઝ જ કહેવાય, અને ભાવિનભાઈની લીઝવાળી જગ્યામાં આ કામનો બનાવ બનેલો. પોલીસે બનાવ બાબતે તેમનું નિવેદન લીધેલુ તેની તારીખ યાદ નથી. બનાવના બાદ આશરે કેટલા દિવસ બાદ નિવેદન લીધેલુ તે તેમને યાદ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, બનાવ તેમણે નજરે જોયેલો નહીં અને તેમને બનાવ અંગેની જાતમાહિતી નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, તેમની સરતપાસમાં જણાવેલ હકીકત “આ ઝઘડો ગીરધરભાઈએ આવડ સ્ટોન ક્રશરના નામે લોન લીધેલ હતી તેમાં હું તથા મારો ભાઈ રાજશીભાઈ ગેરેન્ટર હતા અને અમારુ સંયુક્ત મકાન મોર્ગેજ કરેલ હોય જેમાં સેન્ટ્રલ બેન્ક મેટોડામાંથી લોન લઈ લોન ભરપાઈ કરેલ ન હોય જેથી જે લોન એન.પી. થતાં ૧૩(૨) મુજબની જમિની નોટિસ નિકળતા અમો ડી.આર.ટી.માં કાર્યવાહી કરવા ગયેલા, જેમાં ગીરધરભાઈની માલીકીની સ્વીફ્ટ ટાઇલ્સની ફેક્ટરી જે મેટોડા ખાતે આવેલ હોય જેની હરાજીનો ઓર્ડર થયેલો જે કેસ પરત ખેંચવા માટે આ ઝઘડો કરેલો” તેમના પોલીસ રૂબરૂ નિવેદનમાં લખાવેલ નથી. તેમણે તેમના પોલીસ રૂબરૂ નિવેદનમાં શું હકીકત લખાવેલ તે હાલ યાદ નથી. પોલીસે આ બનાવ બાબતે તેમની બે વખત પુછપરછ કરેલી. બીજી વખતે જે પુછપરછ કરેલી તે કઈ તારીખે કરેલી તે હાલ તેમને યાદ નથી.

(૧૩) ઉપરોક્ત સિવાય ફરિયાદ પક્ષ તરફે સાહેદ નાસીરભાઈ નુરમામદભાઈ ઘુઘાને આંક-૭૦ થી સોગંદ ઉપર તપસાવામાં આવ્યા છે. સાહેદ તેમની

સરતપાસમાં જણાવે છે કે, <u>તા.૧૩.૦૯.૨૦૧૪ ના રોજ સાંજના આશરે પાંચથી છ વાગ્યે તેઓ જેસીબી ચલાવતા હતા ત્યારે બે વ્યક્તિ ફોરવ્હીલર લઈને આવેલા અને તેઓ રાજશીભાઈ સાથે બોલાચાલી કરતા હતા,</u> ત્યારબાદ તેઓ ત્યાંછી જતા રહેલા હોઈ આ સિવાય તેમની રૂબરૂ કંઈ બનેલ હોય કે તેમણે કંઈ જોયેલ હોય તેવું બનેલ નથી. આ સાહેદ ફરી ગયેલા સાહેદ જાહેર થયેલા છે અને સરકાર તરફે તેમની ઉલટપાસ પણ થયેલી છે, પરંતુ તેમાંથી પણ કોઈ વિશેષ મહત્વની હકીકત ફલીત થઈ શકી નથી. આ સાહેદની આરોપી પક્ષે કોઈ ઉલટતપાસ કરી નથી.

(૧૪) તેવી જ રીતે ફરિયાદ પક્ષ તરફે સાહેદ સુરેશભાઈ મનજીભાઈ મેંદપરાને આંક-૭૩ થી સોગંદ ઉપર તપાસેલા છે. સાહેદ સરતપાસમાં જણાવે છે કે, બનાવ સને ૨૦૧૪ માં બનેલો. બનાવના દિવસે સાંજે સાત સાડાસાતની આસપાસ તેઓ ચારણ-પીપળીયાથી તેમની વાડી તરફ ગાડા મારગ રીપેર કરતા હતા ત્યારે રાજશીભાઈએ આવીને કહેલ કે આ મારગ રીપેર નથી કરવાનો અને ત્યારબાદ મનસુખભાઈ અને રાજશીભાઈને ધક્કામુક્કી થયેલી. રાજશીભાઈના માણસો આવી તેમને લઈ ગયેલી. ત્યારબાદ શું બન્યું તેની તેમને કોઈ જાત માહિતી નથી. આ કઈ બાબતની માથાકુટ હતી જેની તેમને જાતમાહિતી નથી. તેમની હાજરીમાં બીજો કોઈ બનાવ બનેલ હોય તેવું બનેલ નથી. તે સમયે તેમના સિવાય વિઠ્ઠલભાઈ કરશનભાઈ વરસાણી, છગનભાઈ વરસાણી, કાપભાઈ વરસાણી, મનસુખભાઈ તે સમયે આ બધા હાજર હતા. ધક્કામુક્કી થવા સિવાય અન્ય બીજો કોઈ બનાવ બનેલ નથી. કઈ બાબતના કારણે હાલનો બનાવ બનેલો તેની તેમને જાતમાહિતી નથી. આ સાહેદ ફરી ગયેલા સાહેદ જાહેર થયેલા છે અને સરકાર તરફે તેમની ઉલટપાસ પણ થયેલી છે, પરંતુ તેમાંથી પણ કોઈ વિશેષ મહત્વની હકીકત ફલીત થઈ શકી નથી.

(૧૪.૧) આ સાહેદની આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રીએ ઉલટતપાસ કરી છે. જેમાં સાહેદે સ્વીકાર્યું છે કે, તેમણે જે બનાવની હકીકત જણાવી તે બનાવ દરમ્યાન

મનસુખભાઈ સિવાય અન્ય કોઈ આરોપીઓ હાજર ન હતા. **સાહેદે સ્વીકાર્યું છે કે, આરોપી મનસુખભાઈ અને ફરિયાદી રાજશીભાઈ વચ્ચે રસ્તો રીપેર કરવા બાબતે બોલાચાલી અને ધક્કામુક્કી થયેલ તે સિવાય કોઈ બનાવ બનેલ નથી.**

(૧૫) ફરિયાદ પક્ષ તરફે સાહેદ વિઠ્ઠલભાઈ કરશનભાઈ વરસાણીને આંક-૭૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવ્યા છે. સાહેદ સરતપાસમાં જણાવે છે કે, બનાવ ૨૦૧૪ માં બનેલો. બનાવ દિવસે સાંજે સાત સાડાસાતની આસપાસ ચાંદલીથી નિકાવા જતો જુનો મારગ હોય જે તેઓ બધા રીપેર કરતા હતા, ત્યારે રાજશીભાઈએ આવીને કહેલ કે આ મારગ રીપેર નથી કરવાનો અને ત્યારબાદ મનસુખભાઈ અને રાજશીભાઈને ધક્કામુક્કી થયેલી. રાજશીભાઈના માણસો આવી અને તેમને લઈ ગયેલા ત્યારબાદ શું બન્યુ તેની તેમને કોઈ જાતમાહિતી નથી. આ બનાવમાં રાજશીભાઈ તથા મનસુખભાઈને મારગ ગાડા મારગ બાબતની માથાકુટ હતી. તેમની હાજરીમાં બીજો કોઈ બનાવ બનેલ હોય તેવું બનેલ નથી. તે સમયે તેમના સિવાય સુરેશભાઈ મનસુખભાઈ, ઘેલાભાઈ, છગનભાઈ વરસાણી, મનસુખભાઈ આ બધા હાજર હતા. ધક્કામુક્કી થવા સિવાય અન્ય બીજો કોઈ બનાવ બનેલ નથી. કઈ બાબતના કારણે હાલમાં બનાવ બનેલો તેની તેમને જાતમાહિતી નથી. આ સાહેદ ફરી ગયેલા સાહેદ જાહેર થયેલા છે અને સરકાર તરફે તેમની ઉલટપાસ પણ થયેલી છે, પરંતુ તેમાંથી પણ કોઈ વિશેષ મહત્વની હકીકત ફલીત થઈ શકી નથી. પરંતુ ત્યારબાદ સાહેદે આરોપી નં.૧, ૫ ને ઓળખી બતાવ્યા છે, અને તે સિવાયના આરોપીઓની ઓળખની તકરાર આરોપી પક્ષે જતી કરેલી.

(૧૫.૧) આ સાહેદની આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રીએ ઉલટતપાસ કરી છે. જેમાં સાહેદે સ્વીકાર્યું છે કે, તેમણે જે બનાવની હકીકત જણાવી તે બનાવ દરમ્યાન મનસુખભાઈ સિવાય અન્ય કોઈ આરોપીઓ હાજર ન હતા. **સાહેદે સ્વીકાર્યું છે કે,**

<u>**આરોપી મનસુખભાઈ અને ફરિયાદી રાજશીભાઈ વચ્ચે રસ્તો રીપેર કરવા બાબતે બોલાચાલી અને ધક્કામુક્કી થયેલ તે સિવાય કોઈ બનાવ બનેલ નથી.**</u>

(૧૬) ફરિયાદ પક્ષ તરફે સાહેદ ટાબાભાઈ ટપુભાઈ વરસાણીને આંક-૭૫ થી, સાહેદ છગનભાઈ ટપુભાઈ વરસાણીને આંક-૭૬ થી તથા સાહેદ વિજયભાઈ ગોરધનભાઈ કાકરીયાને આંક-૭૮ થી સોગંદ ઉપર તપાસ્યા છે. આ સાહેદો સરતપાસ માં તેમને બનાવ વિશે કોઈ જાતમાહિતી નથી, શું બનાવ બન્યો, ક્યારે, કેવી રીતે બનેલો તેની તેમને કોઈ જાતમાહિતી નથી તેમ જણાવતા હોઈ ફરી ગયેલા સાહેદો જાહેર થયેલા છે. તેઓની સરકાર તરફે ઉલટતપાસથી પણ કોઈ મહત્વની હકીકત ફલીત થવા પામી નથી. આ સાહેદોએ આરોપી પક્ષે કરેલ ઉલટતપાસમાં સ્વીકાર્યું છે કે, બનાવ બાબતે પોલીસ તેમની પુછપરછ કરેલ નથી.

(૧૭) સદર કામે ફરીયાદપક્ષ તરફે આંક-૬૭ થી સાહેદ કીશનભાઇ કરશનભાઇ ગમારાને સોગંદ ઉપર તપાસેલા છે. સાહેદ સરતપાસમાં જણાવેલ છે કે ,તેમને ચારણ પીપળીયા ગામના રસ્તે ખરાબામાં પંચ તરીકે રહેવા માટે બોલાવેલ હોવાથી તેઓ ત્યાં ગયેલા. જયાં એક ભાઈ મુકેશભાઈ જેઠાભાઈ આયર હાજર હતા જેમણે તેઓના રૂબરૂ ઘટના સ્થળ બતાવતા ત્યાં એક બાજુ રાજશીભાઈ નો ભઇડીયો હતો, બીજી બાજુ લીલુ ઘાસ ઉભેલુ હતુ તથા એક બાજુ રોડ હતો તથા ત્યા જે.સી.બી હાલેલાના ચીલા એટલે કે ટાયરના નિશાન હતા તથા બનાવ સ્થળેથી તેમની હાજરીમાં કોઈ વસ્તુ કબજે કરવામા આવેલ હોય તેવુ બનેલ નહીં. પંચનામા સમયે તેમની સાથે રાજેશભાઈ કે જેઓ રાજકોટના રહેવાસી હોય તેઓ હાજર હતા. સાહેદે પંચનામામાં પંચ નં. ૧ તરીકે તેમની સહી ઓળખી બતાવેલી છે.

(૧૭.૧) આ સાહેદની આરોપીપક્ષે વી.વ.શ્રીએ ઉ.ત. કરી છે જેમા સાહેદે સ્વીકાર્યું છે કે, પોલીસે પંચનામુ લખેલ અને તેમા તેમને સહી કરવાનુ કહેતા તેમણે

સહી કરેલી. સાહેદે જણાવ્યું છે કે, આ પંચનામુ તા.૧૪.૦૯.૨૦૧૪ ના રોજ કરેલું. સાહેદે જણાવ્યું છે કે, તેમને મુકેશભાઇએ રાજશીભાઇના ભઇડીયા વાળી જગ્યા બતાવેલ અને પોલીસે તે જગ્યાનુ પંચનામુ કરેલ. સાહેદે સ્વીકાર્યું છે કે, તેમને પોલીસને કોઇ હકકીકત લખાવેલ નથી.

(૧૮) ફરીયાદી પક્ષ તરફે આંક-૮૦ થી સાહેદ જશમતભાઇ ગાડુભાઇ ગઢીયાનો સોગંદ ઉપરનો પુરાવો નોંધાયેલ છે જેમાં સાહેદે સરતપાસમાં પંચનામુ શેનુ હતુ તે પોતે જાણતા નહી હોવાનુ અને પંચનામા વિગત વિશે કાંઇ જાણતા નહી હોવાનુ જણાવેલ છે. પરંતુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલી. આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને સરકાર તરફે તેમની વિગતવારની ઉ.ત. કરેલ છે પરંતુ તેમાંથી પંચનામાની હકીકતને સમર્થન કરતો કોઇ લેશમાત્ર પુરાવો પ્રાપ્ત થઇ શકેલ નથી. સાહેદના પુરાવા દરમિયાન આંક-૮૧ થી આરોપીઓની શરીરસ્થીતીના પંચનામાની નકલ રજુ થયેલ છે તે જ રીતે આ કામે આંક-૯૩ થી સાહેદ રાજેશભાઇ ધનજીભાઇ મારડીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે આ સાહેદ પણ સદરહું આંક-૮૧ વાળાના પંચ સાહેદ છે જે સરતપાસમાં પંચનામાને લેશમાત્ર સમર્થન નહી આપતા હોવાથી ફરી ગયેલા જાહેર થયેલા છે અને તેઓની પણ ઉ.ત.થકી પ્રોશીકયુશન કોઇ મહત્વની હકીકત બહાર કઢાવી શકેલ નથી.

(૧૯) પ્રોશીકયુશન તરફે મેડીકલ ઓફીસર ડો.મેહુલભાઇ હરેશભાઇ શાહને આંક-૮૨ થી સોગંદ ઉપર તપાસેલા છે. સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, તેઓ તા.૧૪.૦૯.૨૦૧૪ ના રોજ ભગવતી હોસ્પિટલ, જામનગર ખાતે હાજર હતા ત્યારે ઈજા પામનાર રાજશીભાઈ લખમણભાઈ સુવાને તેમની સાથે તેમના ભાઈ ધરણાંતભાઈ સુવા તેમની હોસ્પિટલે લઈને આવેલા. ધરણાંતભાઈએ જણાવ્યા મુજબ તા.૧૩.૦૯.૨૦૧૪ ના રોજ સાંજે સવા છ થી સાડા છ ની વચ્ચે નિકાવા ગામે

પાઈપથી માર મારેલ છે, કોણે મારેલુ તે લખાવેલ નથી. તેઓએ પુછેલુ કે કેમ, તે તેમને હાલ યાદ નથી. દર્દીને બંને હાથમાં તથા જમણા ગોઠણમાં ફ્રેકચર હતા. તેમજ જમણી બાજુના ભાગે છાતીમા ઈજા થયેલી. દર્દીને દાખલ કરી તા.૧૪.૦૯.૨૦૧૪ ના રોજ જેમના બંને હાથમાં ઓપરેશન કરી પ્લેટસ સ્ક્રુ સાથે બેસાડવામાં આવેલ. ડાબી બાજુના હાથમાં થયેલ ફ્રેકચરના ભાગે માવો પુરવામાં આવેલો. દર્દીને તા.૧૮.૦૯.૨૦૧૪ ના રોજ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ, ત્યાં સુધી તેમની ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર કરેલી. સારવારનાં કાગળો સાહેદ તેમની સાથે લાવેલ હોય જે અસલ કાગળો-૦૯ રજુ કરતા તે આંક-૮૩ થી ૮૮ સુધી તથા તપાસના કામે તા.૧૪.૦૯.૨૦૧૪ ના રોજ પોલીસને જાણ કરેલ હોય જે અસલ યાદી આંક-૮૯ થી તથા તપાસના કામે તા.૧૮.૦૯.૨૦૧૪ નાં રોજ પોલીસને ઈજા પામનાર દર્દીનુ ઈજા અંગેનું સર્ટીફીકેટ આપેલ હોય જે આંક-૯૦ થી રજુ થયેલ છે. જે સર્ટીફીકેટમાં જોતાં, ઈજા નં.૧) ફ્રેકચર લેફટ અલ્ના (ફોર આર્મ) લોઅર, ઈજા નં.૨) રાઈટ અલ્ના (ફોર આર્મ) લોઅરમાં ફ્રેકચર ઈજા નં.૩) રાઈટ પટેલા (ગોઠણ) ફ્રેકચર ઈજા નં.૪) જમણી બાજુ છાતીના ભાગે સ્નાયુમાં ઈજા થયેલી. ઈજા નં.૫) જમણી બાજુ ગોઠણના ભાગે સ્નાયુમાં ઈજા થયેલી. જે અંગે તેમણે સર્ટીફીકેટ આપેલું. તેઓને આ કામે પોલીસે કબજે કરેલ મુદ્દામાલ બતાવવામાં આવતા જોઈને કહે છે કે હાલના ઈજા પામનારને થયેલી ઈજાઓ મુદ્દામાલમા કબજે કરેલ પાઈપ તથા લાકડી વડે થઈ શકે તેવા પ્રકારની છે.

(૧૯.૧) આ સાહેદની આરોપી પક્ષના વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટતપાસ કરી છે. જેમાં સાહેદ સ્વીકાર્યું છે, આ કામે જણાવેલ તા.૧૪.૦૯.૨૦૧૪ નાં અરસામાં તેઓની હોસ્પિટલમાં ડીઝીટલ એકસ-રે મશીન ન હતું. સાહેદ સ્વીકાર્યું છે, કે તેમણે ઈજા બાબતે કોઈ ડીઝીટલ એકસ-રે કરાવેલ નથી. સાહેદ સ્વીકાર્યું છે, તેમણે જણાવેલ ઈજાઓની તપાસ અને સારવાર માટે એકસ-રે કરવા પડે. સાહેદ સ્વીકાર્યું છે, ઉપરોકત જણાવેલ ઇજા બાબતે કરેલ એકસ-રે તેમણે આજરોજ રજુ કરેલ નથી.

સાહેદ સ્વીકાર્યું છે, રાજશીભાઇએ જાતે મને ઈજા બાબતે કોઈ હિસ્ટ્રી લખાવેલ નથી. સાહેદ સ્વીકાર્યું છે, તેઓની હોસ્પિટલમાં કોઇ દર્દી સારવાર માટે દાખલ થાય તેની સારવાર પુર્ણ થયેથી તેને ડીસ્ચાર્જ કરતી વખતે ડીસ્ચાર્જ કાર્ડ આપવામાં આવે છે. સાહેદ સ્વીકાર્યું છે, આ કામના દર્દીને તેઓની પાસે કોઈ ડોકટર કે હોસ્પિટલની રીફર ચીઠ્ઠી લઈને આવેલ નહીં. સાહેદે જણાવ્યું છે કે, તેમણે રજુ કરેલ આંક-૮૪ વાળા સર્ટીફીકેટમાં અંગ્રેજીમાં ડી.ઓ.એ. અર્થે ડેટ ઓફ એડમીશન અને ડી.ઓ.ડી. અર્થે ડેટ ઓફ ડીસ્ચાર્જ લખેલ છે. સાહેદે સ્વીકાર્યું છે કે, આ કામના દર્દી રાજશીભાઈ તેમની હોસ્પિટલમા તા.૧૩.૦૯.૨૦૧૪ ના રોજ આવેલ હોય, સારવાર માટે દાખલ થયેલ હોય અને ૬ દિવસ અંદરના દર્દી તરીકે દાખલ રહેલ હોય અને સારવાર લીધેલ હોય તેવું બનેલ નથી. સાહેદે સ્વૈચ્છાએ જણાવ્યું છે કે, ૫ દિવસ અંદરના દર્દી તરીકે દાખલ રહેલો. સાહેદે સ્વીકાર્યું છે કે, આ કામના દર્દી તેમની પાસે સારવાર માટે આવેલ ત્યારે કાલાવડ સરકારી દવાખાના તેમજ જી.જી. હોસ્પિટલ, જામનગરમા લીધેલ સારવાર બાબતના કોઈ કાગળો તેમને બતાવેલ નહી કે આપેલ નહીં, તેમજ આ દર્દીએ પોતાની ઓળખ અંગેનો કોઈ દસ્તાવેજ તેમને આપેલ નહીં. સાહેદે સ્વીકાર્યું છે કે, તા.૧૮.૦૯.૨૦૧૪ નાં રોજ દર્દીની સારવારનું સર્ટીફીકેટ પોલીસે તેઓની પાસેથી મેળવેલ નહીં. સાહેદે સ્વૈચ્છાએ જણાવ્યું છે કે થોડા દિવસ પછી જે તારીખ તેમને ચોકકસ યાદ નથી જે પોલીસે તપાસના કામે આ સર્ટીફીકેટ તેઓની પાસેથી મેળવેલું. સાહેદે સ્વીકાર્યું છે કે, આંક-૯૦ વાળા તા.૧૮.૦૯.૨૦૧૪ ના સર્ટીફીકેટ સીવાય બાકીના જે કાગળો તેમણે આજરોજ રજુ કરેલ છે તે તપાસના કામે પોલીસે તેમની પાસેથી મેળવેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, કોઈ વ્યકિત પથરાળ અને સખત જગ્યા ઉપર ઝડપથી પડી જાય તો પણ તેમણે જણાવેલ છે તેવી ઈજાઓ થઈ શકે.

(૨૦) પ્રોશીકયુશન તરફે ત.ક.અશ્રી મેહુલકુમાર રસીકભાઇ ગોંડલીયાને આંક-૧૦૪ થી સોગંદ ઉપર તપાસેલા છે તે સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૧૪ માં તેઓ કાલાવડ પો.સ્ટે.માં ઈ.ચા.પો.ઈન્સ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન

કાલાવડ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૭૮/૧૪ ઈ.પી.કો.કલમ-૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૯ તથા જી.પી.એકટ ની કલમ ૧૩૫(૧)ના ગુન્હાની તપાસ પી.એસ.ઓ.શ્રીએ તેઓને ડેપ્યુટ કરતા સદરહુ ગુન્હાની તપાસ સંભાળી લઈ બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલ તેમજ લાગતા વળગતા સાહેદોના લખાવ્યા મુજબના નીવેદનો લીધેલા. સદરહુ ગુન્હાના આરોપીઓ સ્વખુશીથી પો.સ્ટે. રજુ થતા હોય તેમનુ અટક પંચનામુ કરવામા આવેલ તેમજ પંચનામાની વિગતે બનાવમા વપરાયેલ હથીયારો કબ્જે કરવામા આવેલા. ત્યારબાદ સદરહું ગુન્હાના કામે આરોપીની અટક કરવામાં આવેલી તેમજ ગુન્હાના કામે જરૂરી દસ્તાવેજો કબ્જે કરેલા. ત્યારબાદ ભોગ બનનારનુ સારવાર સટીફીકેટ લઈ તપાસન કામે સામેલ રાખેલ. આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો હોય અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. સાહેદે જણાવેલ છે કે તેઓ આરોપીને જોયેથી ઓળખે છે પરંતુ બચાવપક્ષે આરોપીઓની ઓળખની તકરાર જતી કરેલ.

(૨૦.૧) આ સાહેદની આરોપી પક્ષના વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટતપાસ કરી છે. જેમાં ત.ક.અ.શ્રીએ સ્વીકાર્યું છે કે, જામનગરની જી.જી.હોસ્પિટલ, જામનગર સીટી બી ડીવી.પો.સ્ટે. હેઠળના વિસ્તારમા આવે છે. સાહેદે સ્વીકાર્યું છે કે, આ કામે રજુ થયેલ આંક-૫૭ વાળી તા.૧૪.૦૯.૨૦૧૪ ની ફરિયાદ જામનગર સીટી બી ડીવી.ના પી.એસ.આઈ. એમ.એસ.ડામોર રુબરુની છે. સાહેદે સ્વીકાર્યું છે કે, ફરિયાદીને આંક-૫૭ વાળી ફરિયાદમાં, "કાલાવડ હોસ્પિટલમાં લઈ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર માટે નહીં જામનગર જી.જી.હોસ્પિટલમાં સારવારમાં લઈ આવેલ અને અહીં મારી સારવાર આપી મારા બન્ને હાથે ફેકચર થયેલાનું જણાવેલ હાલ મારી સારવાર ચાલુ છે." તેવો ઉલેખ છે. સાહેદે સ્વીકાર્યું છે કે, તેઓએ તેમની તપાસ દરમ્યાન ફરિયાદીએ કાલાવડ સરકારી દવાખાને ઈજા સારવાર લીધેલ હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો મેળવેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, આ કામના ફરિયાદીએ જી.જી.હોસ્પિટલ, જામનગર ખાતે સારવાર માટે દાખલ રહેલ હોય અને સારવાર

લીધેલ હોય તેવો કોઈ દસ્તાવેજી આધાર કેસમા રજુ થયેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, ફરિયાદીએ તેની આંક-૫૭ વાળી ફરિયાદમાં,"હું તા.૧૩.૦૯.૨૦૧૪ ના રોજ રાત્રીના બારેક વાગ્યે જી.જી.હોસ્પિટલ છોડીને નીકળેલો અને તા.૧૩.૦૯.૨૦૧૪ ના રોજ તેઓ પ્રાઈવેટ હોસ્પિટલમાં રાત્રીના પોણા બાર વાગ્યા વચ્ચે દાખલ થયેલ હતો તેવી હકીકત લખાવેલ નથી".

(૨૦.૨) વધુમાં સાહેદે ઉ.ત.માં સ્વીકાર્યું છે કે, તેઓને આ કેસની તપાસ દરમ્યાન ફરિયાદીને આરોપી મનસુખભાઈ સામે બીજો અન્ય કોઈ કેસ ચાલતો હોય તેવો કોઈ પુરાવો મળેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, ફરિયાદીએ પોતાની ફરિયાદમાં કઈ ગાળો બોલેલી તે શબ્દોનો સ્પષ્ટ ઉલેખ કરેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, ફરિયાદીએ આંક-૫૭ વાળી ફરિયાદમાં આરોપી યોગેશભાઈ મનજીભાઈ ભાલારા તથા મહેશભાઈ ગોરધનભાઈ ખાપરાના નામો લખાવેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, તેમણે તેમની તપાસ દરમ્યાન આરોપીઓની એકઝી. મેજી. સમક્ષ ઓળખ પરેડ કરાવેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, તેઓએ તેમની તપાસ દરમ્યાન ભાવીનભાઈ પટેલનુ નીવેદન લીંધેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, આ કામે રજુ થયેલ સ્થાનીક જગ્યાના પંચનામામા બનાવની જગ્યા ભાવીનભાઈ પટેલ નો ભઇડીયો હોય તેવો કોઈ ઉલ્લેખ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, ફરિયાદીએ તેની ફરિયાદમાં મનસુખભાઈએ પાઈપ થી તેમને માથા ઉપર હુમલો કરેલો તેવી હકીકત લખાવેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, સાહેદ ધરણાંતભાઈ લખમણભાઈ સુવાએ તેના નીવેદનમા જામનગર ખાતે પ્રાઈવેટ હોસ્પિટલમા સારવાર ખાતે લઈ ગયેલા હતા જે હોસ્પિટલનુ નામ મંગલમ હોસ્પિટલ હતુ જ્યાં રાજશીભાઈના બન્ને હાથોનુ ઓપરેશન કરી સારવાર આપેલી જેમને ત્યાં ત્રણ થી ચાર દીવસ સારવાર માટે દાખલ રાખેલા તેવી હકીકત લખાવેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, ડોકટર મેહુલ એસ. શાહની હોસ્પિટલ જામનગર સીટી એ પો. સ્ટે. હેઠળના વિસ્તારમા આવેલી છે.

(૨૧) ફરીયાદપક્ષ તરફે સાહેદ મુકેશકુમાર મોહનભાઇ સોલંકનીને આંક-૧૦૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે સાહેદ જણાવે છે કે, તેઓ નવેમ્બર ૨૦૨૩ થી કલેકટર કચેરીની ફોજદારી શાખામાં કલાર્ક તરીકેની ફરજ બજાવે છે. તેઓને નામ.કોર્ટનો સમન્સ મળતા હાજર થયેલ છે અને સદરહું કામે જાહેરનામું તથા હાલના કેસને મંજુરીના કામે તેમની સાથે લાવેલ છે. જે જોઇને કહે છે કે, તા.૨૬.૦૮.૨૦૧૪ હુકમ નં.ડીએમ/ડી.સી.એચ/૨૮૩૯/૨૦૧૪ થી ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળનુ જાહેરનામું જે તા.૨૬.૦૮.૨૦૧૪ ના કલાક ૧૧ થી તા.૨૪.૦૯.૨૦૧૪ ના કલાક ૨૪ (બન્ને દીવસો સહીત) સુધીનુ અધીક જીલા મેજી. શ્રી ડી.એન.મોદી દ્વારા બહાર પાડવામાં આવેલ જે અસલ રેકર્ડ તથા તેની ખરી નકલ સાથે લાવેલ છે. જે ખરી નકલ નાયબ મામલતદાર શ્રી એ.જી.જાડેજાની સહી છે તથા ઉપરોકત જણાવેલ જાહેરનામામાં અધીક જીલા મેજી.શ્રી ની સહીઓ હોય જેઓ તેમની તાબા હેઠળ કામ કરતા હોય તેમની સહીઓ ઓળખે છે જે જાહેરનામુ આંક-૧૦૮ થી સાહેદના પુરાવા દરમિયાન રજુ થયેલ છે. તેમજ હાલના બનાવના કામ તપાસ કરનાર અધીકારી શ્રી એમ.આર.ગોંડલીયા તા.૧૪.૦૯.૨૦૧૪ ના રોજ કાલાવડ ફર્સ્ટ પો.સ્ટે.ગુ.ર.નં.૭૮/૨૦૧૪ ના કામે ઈ.પી.કોડની કલમ-૩૨૫, ૩૨૩ વિગેરે તથા જી.પી.એકટ ની કલમ ૧૩૫(૧)મુજબનો ગુન્હો તા.૧૨.૧૨.૨૦૧૪ ના કલાક ૧૦ થી ૧૧ વાગ્યે ની વચ્ચે જાહેર થયેલ.

(૨૧.૧) આ સાહેદની આરોપી પક્ષના વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટતપાસ કરી છે. જેમાં સાહેદે જણાવ્યું છે કે, તેઓ નવેમ્બર ૨૦૨૩ થી કલેકટર કચેરી જામનગર ખાતે ફોજદારી શાખામાં ફરજ બજાવે છે. સાહેદે સ્વીકાર્યું છે કે, આ કામે રજુ થયેલ આંક-૧૦૮ વાળા જાહેરનામા અંગેની કોઇ કાર્યવાહીમાં તેમણે જાતે ભાગ લીધેલ નથી એટલે તે અંગે તેમને કોઇ જાત માહીતી નથી.

(૨૨) તમામ હકીકત અને સંજોગો તેમજ પ્રોસીક્યુશનનો તમામ પુરાવાનો

ઝીણવટપૂર્વક અભ્યાસ કરવામાં આવેલ છે. હાથ ઉપરના કેસની હકીકત ધ્યાને રાખવામાં આવે તો ફરિયાદ પક્ષનો એવો સ્પષ્ટ કેસ છે કે, આરોપી મનસુખભાઈ જેસડીયા સાથે કોર્ટ કેસ ચાલતો હતો તે બાબતનો ખાર રાખીને આરોપીઓએ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી હથિયાર ધારણ કરી ફરિયાદી ઉપર હુમલો કરેલો છે.

(૨૨.૧) આ સંદર્ભમાં ફરિયાદ પક્ષના પુરાવાનો અભ્યાસ કરવામાં આવે તો આંક-૫૭ ની ફરિયાદમાં જ એવો આક્ષેપ છે કે, આરોપી મનસુખભાઈએ આવીને ફરિયાદીને કહેલ કે "તું અમારી સામે કરેલો કેસ પાછો ખેંચી લે નહીંતર તને જાનથી મારી નાંખીશું." જે હકીકતને આંક-૫૬ થી ફરિયાદીએ પોતાની સરતપાસમાં સ્પષ્ટ સમર્થન આપેલ છે કે, "મનસુખભાઈ ભુંડા બોલી ગાળો (તારી માનો પીકો, તારી બેનને સોડી) જેવી ભુંડા બોલી ગાળો આપવા લાગેલા, જુના કેસ પાછા ખેંસી લો નહીતો મુસીબત થાસે." આ હકીકત સંદર્ભમાં આરોપી પક્ષે ઉલટતપાસમાં એવી હકીકત બહાર કઢાવેલ છે કે, "એ વાત ખરી છે કે, આ કામના આરોપીઓ સામે હાલના કેસ સિવાય મેં કોઈ બીજો પ્રકારનો કેસ કરેલ નથી." તેનો આધાર લઈ આરોપી પક્ષે દલીલ છે કે, ફરિયાદી જે કેસની હિસ્ટ્રી જણાવી રહ્યા છે, તે પુરવાર કરી શકતા નથી.

(૨૨.૧.૧) જે હકીકતના સંદર્ભમાં અહીં ફરિયાદીના ભાઈ સાહેદ ધરણાંતભાઈના આંક-૬૫ વાળા પુરાવાની હકીકત ધ્યાને રાખવામાં આવે તો તેમણે સરતપાસમાં એવું સ્પષ્ટ જણાવ્યું છે કે, "આ ઝઘડો ગીરધરભાઈએ આવડ સ્ટોન ક્રશરના નામે લોન લીધેલ હતી, તેમાં હું તથા મારો ભાઈ રાજશીભાઈ ગેરન્ટર હતા અને અમારૂ સંયુક્ત મકાન મોર્ગેજ કરેલ હોય, જેમાં સેન્ટ્રલ બેન્ક મેટોડામાંથી લોન લઈ, લોન ભરપાઈ કરેલ ન હોય જેથી જે લોન એન.પી. થતાં ૧૩(૨) મુજબની જપ્તિની નોટિસ નિકળતા અમો ડી.આર.ટી.માં કાર્યવાહી કરવા ગયેલા. જેમાં ગીરધરભાઈની માલીકીની સ્વીફ્ટ

ટાઈલ્સની ફેક્ટરી જે મેટોડા ખાતે આવેલ હોય જેની હરાજીનો ઓર્ડર થયેલો, જે કેસ પરત ખેંચવા માટે આ ઝઘડો કરેલો." આ હકીકતના ખંડન સ્વરૂપે આરોપી પક્ષે સાહેદની ઉલટતપાસમાં માત્ર એટલુ પુછેલ છે કે, "એ વાત ખરી છે કે, મારી સરતપાસમાં જણાવેલ હકીકત 'આ ઝઘડો ગીરધરભાઈએ આવડ સ્ટોન ક્રશરના નામે લોન લીધેલ હતી, તેમાં હું તથા મારો ભાઈ રાજશીભાઈ ગેરન્ટર હતા અને અમારૂ સંયુક્ત મકાન મોર્ગેજ કરેલ હોય, જેમાં સેન્ટ્રલ બેન્ક મેટોડામાંથી લોન લઈ, લોન ભરપાઈ કરેલ ન હોય જેથી જે લોન એન.પી. થતાં ૧૩(૨) મુજબની જપ્તિની નોટિસ નિકળતા અમો ડી.આર.ટી.માં કાર્યવાહી કરવા ગયેલા. જેમાં ગીરધરભાઈની માલીકીની સ્વીફ્ટ ટાઈલ્સની ફેક્ટરી જે મેટોડા ખાતે આવેલ હોય જેની હરાજીનો ઓર્ડર થયેલો, જે કેસ પરત ખેંચવા માટે આ ઝઘડો કરેલો.' મારા પોલીસ રૂબરૂ નિવેદનમાં લખાવેલ નથી." ત્યારબાદ સાહેદે ખુલાસો કરતાં જણાવ્યું છે કે, તેમણે તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં શું હકીકત લખાવેલી તે હાલ તેમને યાદ નથી.

(૨૨.૨) આરોપી પક્ષનો ડીફેન્સ ધ્યાને રાખતા અહીં પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, શું પોલીસ રૂબરૂ નિવેદનમાં લખાવી ના હોય તે હકીકતની સત્યતા મટી જાય છે? ભારતીય પુરાવા ધારાની જોગવાઈઓ મુજબ શું પોલીસ રૂબરૂ જણાવવાની રહી ગયેલી હોય તેવી હકીકત સંદર્ભે સાહેદ/વિક્ટીમ કોર્ટ સમક્ષ પુરાવો આપી શકે કે નહીં, તે સંદર્ભે આ તબક્કે **નામદાર ગુજરાત હાઈકોર્ટે Tushar Haribhai Gondalia Versus State Of Gujarat, 2014 (0) AIJEL-HC 232467, Special Criminal Application No. 2623 Of 2014, 01.12.2014** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેવો આવશ્યક જણાય છે. જેમાં ના.ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યું છે કે,

> 17. I am of the view that a witness is entitled to add to the answer called for by the question put to him at the time when such witness is sought to be contradicted by his police statement in order to make it complete. Such

an answer is also evidence and must be considered along with the other evidence in the case. The witness is not necessarily bound to confine his/her eventual statement at the trial to the statement already made by him/her, either under Section 161 of the Code or under Section 164 of the Code. A witness is free to add or substract from such previous statement, whatever may be the criticism that such addition or deletion may attract. Such addition or deletion may, for example, be characterized as an attempt to introduce an improvement. It may also have an impact on his credibility as a witness, or may even affect the authenticity of the testimony. However, that does not mean that if such witness on his own offers any explanation as regards the contradiction, he should not be permitted and that part of his explanation should not be accepted in his oral evidence. It is for the trial court to exercise its discretion so far as accepting such explanation and at least such explanation should be noted down in the evidence. The evidentiary value of such explanation can always be gauged while appreciating the entire evidence at the final stage.

(૨૨.૩) ઉપરોક્ત પ્રસ્થાપિત સિદ્ધાંતને ધ્યાને રાખીને હાથ ઉપરના કેસની હકીકત ધ્યાને રાખવામાં આવે તો ફરિયાદીએ પોતાની ફરિયાદમાં ગાળો શબ્દશઃ લખાવી ના હોય અને સરતપાસમાં જો જણાવતા હોય અને જુના કેસની હકીકત પણ જો ફરિયાદમાં જણાવી ના હોય પરંતુ ફરિયાદીના ભાઈ કે જેઓ તે કેસના પક્ષકાર રહી ચુક્યા હોય તેઓ સરતપાસમાં આવી હકીકત વિગતવાર જણાવતા હોય તો તે હકીકતોને જડમુળથી નકારી દઈ શકાય નહીં. ફરિયાદીએ સરતપાસમાં જણાવી છે તેવી ગાળો ચોક્કસપણે બોલવામાં આવેલી નહીં તે સંદર્ભે આરોપી પક્ષે ફરિયાદી

સાહેદની ઉલટતપાસથી સઘળી હકીકતો બહાર કઢાવી નથી. તેવી જ રીતે ફરિયાદીના ભાઈએ જે કેસની હકીકત સરતપાસમાં જણાવી છે તે હકીકત માત્ર પોલીસ સમક્ષ જણાવવામાં આવેલી નહીં તેટલુ પુછીને આરોપી પક્ષ મૌન રહેલ છે, પરંતુ આવો કોઈ કેસ થયેલ નહીં કે બેન્કનાં ધીરાણમાં ફરિયાદી કે તેમના ભાઈ ગેરન્ટર રહેલા નહીં કે તે ધીરાણ એન.પી.એ. થયેલ નહીં તે મતલબની કોઈ હકીકત આરોપી પક્ષે બહાર કઢાવી નથી.

(૨૩) આરોપી પક્ષની એક તકરાર એવી રહી છે કે, પ્રોસીક્યુશને તપાસેલા તમામ સાહેદો પૈકી ફરિયાદીના ભાઈ અને તેમને ત્યાં નોકરી કરતાં સાહેદ મુકેશભાઈ ભાટુ નાઓ જ કેસને સમર્થન આપે છે, તે સિવાયના સાહેદો ફરી ગયેલા છે, ત્યારે ફરિયાદીના એક જ પરિવારના અને લાગતા વળગતા સાહેદ છે ત્યારે તેની વિશ્વસનીયતા ઘટી જાય છે. તે સંદર્ભમાં આ તબક્કે **Baban Shankar Daphal v. State of Maharashtra, SUPREME COURT OF INDIA, 2025 (0) AIJEL-SC 74609, Criminal Appeal No.1675 of 2015 ; Decided on:- 22-01-2025** ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત ધ્યાને રાખવો આ તબક્કે જરૂરી છે.

> 28. In criminal cases, the credibility of witnesses, particularly those who are close relatives of the victim, is often scrutinized. <u>However, being a relative does not automatically render a witness "interested" or biased.</u> The term "interested" refers to witnesses who have a personal stake in the outcome, such as a desire for revenge or to falsely implicate the accused due to enmity or personal gain. <u>A "related" witness, on the other hand, is someone who may be naturally present at the scene of the crime, and their testimony should not be dismissed simply because of their relationship to the victim.</u> Courts must assess the reliability,

consistency, and coherence of their statements rather than labelling them as untrustworthy.

29. The distinction between "interested" and "related" witnesses has been clarified in **Dalip Singh v. State of Punjab, 1954 SCR 145.** where this Court emphasized that a close relative is usually the last person to falsely implicate an innocent person. Therefore, in evaluating the evidence of a related witness, the court should focus on the consistency and credibility of their testimony. This approach ensures that the evidence is not discarded merely due to familial ties, but is instead assessed based on its inherent reliability and consistency with other evidence in the case. This position has been reiterated by this Court in:

i. Md. Rojali Ali and Ors v. The State of Assam Ministry of Home Affairs through secretary, (2019) 19 SCC567.

ii. Ganapathi v. State of T.N., (2018) 5 SCC 549.

iii. Jayabalan v. Union Territory of Pondicherry, (2010) 1 SCC 199.

(૨૩.૧) ઉપરોક્ત પ્રસ્થાપિત સિદ્ધાંત સંદર્ભમાં સદર કામે કરેલ પુરાવાની ચર્ચા ધ્યાને રાખતા ભલે આ કામે તપાસવામાં આવેલા સાહેદ ધરણાંતભાઈ ફરિયાદીના ભાઈ હોય કે સાહેદ મુકેશભાઈ તેમને ત્યાં કર્મચારી હોય, એટલે કે એક જ પરિવારના કે રીલેટીવ હોય, પરંતુ તેઓ તમામના પુરાવામાં મહદઅંશે સમાનતા જણાય છે. વળી, સાહેદ મુકેશભાઈની ઉલટતપાસમાં આરોપી પક્ષે બહાર કઢાવેલ હકીકત ધ્યાને રાખવામાં આવે તો બનાવના અરસામાં તેઓ ફરિયાદી તથા તેના ભાઈ ધરણાંતભાઈની ભોલેનાથ સ્ટોન ક્રશરમાં નોકરી કરતાં હતા, જુબાની આપી ત્યારે તેઓ આવી નોકરી કરી રહ્યા હતા તેવો આરોપી પક્ષનો ડીફેન્સ નથી. ત્યારે જો કોઈ સાહેદ જેને ત્યાં નોકરીમાં ચાલુ ના હોય તેવા સમયે તેના પ્રભાવમાં જુબાની આપે તેવું

માની શકાય નહીં. ત્યારે આવા કિસ્સામાં સદરહું ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત મુજબ પ્રોસીક્યુશનના સાહેદોના પુરાવાને નહી માનવાને કોઈ કારણ નથી.

(૨૪) આથી વિશેષ હકીકતે જોવામાં આવે તો આરોપી પક્ષની એક દલીલ એવી રહી છે કે, પ્રોસીક્યુશનના સાહેદોના પુરાવામાં વિસંગતતા રહેલી છે, ફરિયાદ હકીકતને શબ્દસહ સમર્થન આપેલ નથી, જેથી પ્રોસીક્યુશનનો કેસ પુરવાર થતો નથી. આ દલીલ વિશે જોવામાં આવે તો અહીં એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, આંક-૫૭ વાળી ફરિયાદ હકીકત સંદર્ભમાં સાહેદોના પુરાવામાં થોડોઘણો વિરોધાભાસ ઉભરી આવતો હોય તો શું તેનાથી પ્રોસીક્યુશનનો કેસ જડમુળથી નકામો ગણી શકાય? જે હકીકતના સંદર્ભમાં આ તબક્કે નામદાર રાજસ્થાન હાઈકોર્ટે **Babu Lal S/o Rampratap, R/o Ranisar Bas, Bikaner & Anr Versus The State of Rajasthan, HIGH COURT OF JUDICATURE FOR RAJASTHAN AT JODHPUR, S.B. Criminal Appeal No. 547/1996, Pronounced on 13/01/2026** ના કામે પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને રાખવામાં આવે તો તેમાં નામદાર રાજસ્થાન હાઈકોર્ટે ઠરાવ્યું છે કે,

> 6.4. ... ... *Merely because due to natural lapse of memory, certain minor discrepancies cropped in their cross-examination about the exact number of blows given by each of the appellants to their victims and their respective sequence does not falsify the prosecution story.*
>
> *6.5. No motive, whatsoever, has been attributed to the prosecution witnesses for falsely implicating the appellants or for shielding the real perpetrators of the crime. In the absence of any material suggesting animus, enmity, or ulterior interest on the part of these witnesses, their testimony cannot be discarded on the basis of mere conjecture.* The defence has failed to

> demonstrate any plausible reason why the prosecution witnesses would depose falsely and subject the appellants to criminal liability while allowing the actual offenders to go scot-free.

(૨૪.૧) જે હકીકતોની નોંધ લેતા આ કામે પ્રોસીક્યુશને તપાસેલા સાહેદો અગાઉ નોંધ્યુ તેમ સ્પષ્ટપણે ફરિયાદી રાજશીભાઇ લખમણભાઈ સુવા તતા સાહેદ મુકેશકુમાર જેઠાભાઈ ભાટુનાએ ફરિયાદીને ફરિયાદમાં જણાવ્યા મુજબની ગંભીર ઈજા પહોંચાડી હોવાનો સ્પષ્ટ પુરાવો આપે છે. વળી, આવી ઈજાઓને મેડીકલ ઓફીસરના પુરાવાથી પણ સમર્થન મળે છે. આટલેથી નહીં અટકતાં સાહેદ સુરેશભાઈની ઉલટતપાસ થકી ખુદ આરોપી પક્ષ એવી હકીકત બહાર લાવેલ છે કે બનાવ તારીખે, સમયે અને સ્થળે આરોપી મનસુખભાઈ હાજર હતા. ત્યારે સામાન્ય કોઈ વિસંગતતા રેકર્ડ ઉપર જણાઈ આવી હોય તો તેનાથી આરોપીઓની નિર્દોષતાનું અનુમાન કરી શકાય નહીં. વધુમાં આ તબક્કે નામદાર સુપ્રિમકોર્ટે **BHOLE & ORS. versus THE STATE OF MADHYA PRADESH, SUPREME COURT OF INDIA, CRIMINAL APPEAL NOS.889-890 OF 2012 WITH CRIMINAL APPEAL NO.656 OF 2023, 16 August, 2023 [*2023 LiveLaw (SC) 669*]** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને રાખવો આવશ્યક જણાય છે. તેમાં સ્પષ્ટ ઠરાવ્યું છે કે, In a case involving 149 of the IPC one cannot expect a witness to speak with graphic detail about the specific overt act that can be attributed to each of the accused. આમ, આ ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંતને ધ્યાને રાખીને પણ હાથ ઉપરના કેસની હકીકત ધ્યાને રાખવામાં આવે તો સાહેદોના પુરાવામાં સામાન્ય વિસંગતતાઓ ઉદ્ભવેલ હોય તેવા કિસ્સામાં ફરિયાદ પક્ષનો સમગ્ર કેસ નિરર્થક બની રહેતો નથી તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે.

(૨૫) ઉપરોક્ત ચર્ચા બાદ, **કાયદા વિરૂદ્ધની મંડળી કોને કહેવાય,** તેમાં કેટલા સભ્ય હોય તો અને ક્યારે તેને કાયદા વિરૂદ્ધની મંડળી કહી શકાય તે સંદર્ભમાં આ તબક્કે નામદાર સુપ્રિમકોર્ટે **MAHENDRA & ANR. VERSUS THE STATE OF M.P., SUPREME COURT OF INDIA, CRIMINAL APPEAL NO(S). 30 OF 2022, JANUARY 05, 2022. [*2022 LIVELAW (SC) 22*]** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને રાખવો જરૂરી જણાય છે. તેમાં ઠરાવ્યું છે કે,

> It may be noticed that the essential ingredients of Section 149 are that the offence must have been committed by any member of an unlawful assembly, and Section 141 makes it clear that it is only where five or more persons constituted an assembly that an unlawful assembly is born, provided, of course, the other requirements of the said section as to the common object of the persons composing that assembly are satisfied. To say in other words, it is an essential condition of an unlawful assembly that its membership must be five or more.

(૨૫.૧) ઉપરોક્ત પ્રસ્થાપિત સિદ્ધાંત સંદર્ભમાં હાલના કિસ્સામાં જોવામાં આવે તો આંક-૫૭ ની ફરિયાદમાં સ્પષ્ટ જણાવેલુ છે કે, મનસુખભાઈ જેસડીયા, તેમના ભાઈ હરીભાઈ વિરજીભાઈ તથા અનિલભાઈ હરીભાઈ તથા તેની સાથે બે અજાણ્યા માણસો આવેલો. ત્યારબાદ ફરિયાદીએ આંક-૫૬ થી સરતપાસમાં સ્પષ્ટપણે નામજોગ જણાવતા કહ્યુ છે કે, મનસુખભાઈ, હરીભાઈ, અનિલભાઈ, યોગેશભાઈ અને મહેશભાઈ સાથે આવેલા. આ યોગેશભાઈ નિકાવા ગામના રહેવાસી હોવાથી ફરિયાદી તેમને પહેલેથી ઓળખતા હોવાની હકીકત ઉલટતપાસમાં નકારી કાઢેલી છે, તેવી જ રીતે ધરણાંતભાઈની એસેન્ટ કારની ગેસકીટ આરોપી મહેશભાઈની ગેરેજમાં નંખાવેલી હોવાથી તે રીતે ઓળખતા હોવાની હકીકત પણ

આરોપી પક્ષ ઉલટતપાસમાં સ્પષ્ટપણે પુરવાર કરી શકેલ નથી. વળી, ફરિયાદીને વધુ મારમાંથી બચાવનાર સાહેદ મુકેશભાઈ પણ સોગંદ ઉપર સ્પષ્ટ જણાવે છે કે, મનસુખભાઈ અને બીજા ચાર જણા આવ્યા હતા, તે હકીકતનું પણ આરોપી પક્ષે ઉલટતપાસ થકી કોઈ ખંડન કરાવેલ નથી. વળી, ફરિયાદીના ભાઈ ધરણાંતભાઈની ઉલટતપાસમાં આ યોગેશભાઈને લીઝ હોવાથી ઓળખતા હોવાનું જણાવેલ છે, પરંતુ ફરિયાદી આ યોગેશભાઈને પહેલેથી ઓળખતા જ હતા તેવી હકીકત કઢાવી શકેલ નથી. તેવી જ રીતે ધરણાંતભાઈની ફોરવ્હીલ મહેશભાઈની જ ગેરેજમાં કરાવેલી તેવી હકીકત પણ સ્પષ્ટપણે ઉભરી આવતી નથી. નોંધનીય છે કે, પ્રોસીક્યુશનનો કેસ જ એવો છેકે, બનાવ સમયે ફરિયાદી એકલા જ હતા અને તેમના ઉપર હુમલો કરવામાં આવ્યો હતો, જેની સઘળી હકીકત ફરિયાદીએ ફરિયાદ મુજબની જ સોગંદ ઉપરની સરતપાસમાં સ્પષ્ટપણે જણાવી છે. ત્યારે અન્ય કોઈ સાહેદો કે જેઓ સ્થળ ઉપર બનાવ તારીખે, સમયે અને સ્થળે હાજર ના હોય તેઓ બનાવ હકીકતને સમર્થન આપતા ના હોય તો તેનો લાભ આરોપીઓને મળી શકે નહીં. ફરિયાદી અને સાહેદ મુકેશભાઈના પુરાવાથી બનાવ હકીકતને સમર્થન મળે છે, તેને નકારી શકાય તેમ નથી. અગાઉ ચર્ચા કરી તેમ ફરિયાદી અને ધરણાંતભાઈની આરોપી મનસુખભાઈ સાથે ગેરેન્ટર બનવાની બાબત અને તે ધિરાણ એન.પી.એ. થતાં ડી.આર.ટી.માં કેસ ચાલતો હોવાની હકીકત બહાર ઉભરી આવી છે ત્યારે આરોપી મનસુખભાઈનો પાંચ સભ્યો મળી કાયદા વિરૂદ્ધની મંડળી, ફરિયાદી સાહેદને માર મારવાનો સમાન ઉદ્દેશ પાર પાડવાના ભાગરૂપે રચાયેલ હોવાનું માનવાને કારણ રહે છે.

(૨૬) ઉપરોક્ત ચર્ચા બાદ આ તબક્કે **સમાન ઉદ્દેશ (કોમન ઓબ્જેક્ટ)** કોને કહેવા તે સમજવું આવશ્યક છે. તેના માટે નામદાર સુપ્રિમકોર્ટે **VASANT @ GIRISH AKBARASAB SANAVALE & ANR. VERSUS THE STATE OF KARNATAKA, SUPREME COURT OF INDIA,**

**CRIMINAL APPEAL NO.593 OF 2022, 11th February, 2025** ના ચુકાદામાં ઠરાવ્યું છે તે સિદ્ધાંત ધ્યાને રાખવો ઉચિત જણાય છે. તેમાં ઠરાવ્યું છે કે,

> 42. On the other hand, the position under Section 149, IPC, is very different. The charge framed under Section 149, IPC, disregards the intention of the individual members of the assembly altogether, and concentrates merely on the common object of the assembly as a whole. <u>The result of this position is that there may be cases in which a person might be guilty of an offence under Section 149, IPC though he himself had no intention to commit it or was even unaware of its commission.</u>
>
> 43. *There may even be cases where a person might be found guilty of an offence under Section 149 though it was committed quite contrary to his own intention.* Supposing for instance, an unlawful assembly is formed with the object of wiping out all members of a particular community residing in a mohalla. While this assembly is busy in its unlawful activities, some of its members might come across a member of the other community and might in prosecution of the common object proceed to murder him.
>
> 44. But a particular individual, say X, who is a member of this very unlawful assembly might discover that Y was his old friend. X might not want that this old friend of his should be killed, and in spite of his wishes, and contrary to his intention, Y might be murdered.
>
> 45. If it so happens, then X who was a member of the unlawful assembly, might be held to be guilty of an offence committed by another member of the said assembly, even though the offence itself was committed

quite contrary to his desires and even in opposition to his own intention provided it is shown that X continued to remain a member of the assembly at the time of the offence and the offence itself was directly or indirectly within the purview of the common object of the assembly.

46. *The reason is that the criminal liability under Section 149, IPC is determined not by the intention of the various individual members constituting it but by the common object of the assembly as a whole.* The result is that when a charge against a person is framed for an offence under Section 149, IPC, read with a relative section, and the person is convicted of the offence under the relative section alone, he might legitimately complain that his own mental state having never been put into issue under the charge at all, he was taken by surprise in the matter and thereby misled and prejudiced.

47. For the purpose of the above discussion I am presuming that a charge framed under Section 149, IPC is the usual charge under which the individual authorship of the offence is not defined or specified, and the offence is alleged in the charge to be the act of an undefined member of the assembly. The position under Section 34 is different. The connection here between the offender and the offence is far closer and deeper.

(૨૬.૧) ઉપરોક્ત પ્રસ્થાપિત સિદ્ધાંત સંદર્ભમાં હાથ ઉપરના કેસની હકીકત ધ્યાને રાખવામાં આવે તો અગાઉ ચર્ચા કરી તેમ ફરિયાદી અને ધરણાંતભાઈની આરોપી મનસુખભાઈ સાથે ગેરેન્ટર બનવાની બાબત અને તે ધિરાણ એન.પી.એ. થતાં ડી.આર.ટી.માં કેસ ચાલતો હોવાની હકીકત બહાર ઉભરી આવી છે ત્યારે

આરોપી મનસુખભાઈનો પાંચ સભ્યો મળી કાયદા વિરૂદ્ધની મંડળી, ફરિયાદી સાહેદને માર મારવાનો સમાન ઉદ્દેશ પાર પાડવાના ભાગરૂપે રચાયેલ હોવાનું માનવાને કારણ રહે છે. આમ, મનસુખભાઈ અને ફરિયાદીી એકબીજાને પહેલાથી ઓળખતા હતા, અને ધિરાણ એન.પી.એ. થવાની બાબતે ડી.આર.ટી.માં પ્રોસીડીંગ્સ ચાલુ હોવાની બાબતે આરોપીઓએ કાયદા વિરૂદ્ધની મંડળી રચી સમાન ઉદ્દેશ પાર પાડવાના ભાગરૂપે લોખંડની પાઈપ અને લાકડાના ધોકા જેવા હથિયારો ધારણ કરીને ફરિયાદી ઉપર હુમલો કરી બનાવને અંજામ આપ્યો હતો તેવું માનવાને કારણ રહે છે.

(૨૭) હવે, **કાયદા વિરૂદ્ધની મંડળીના સભ્યનો સમાન ઉદ્દેશ ક્યારે પાર પડે, અને ત્યારે કયા સભ્યની કેટલી વાઈકેરીયસ લાયેબીલીટી બને** તે અંગે ચર્ચા કરવી આવશ્યક બની રહે છે. તેના માટે નામદાર સુપ્રિમકોર્ટે **SITARAM KUCHHBEDIA VERSUS VIMAL RANA AND OTHERS, SUPREME COURT OF INDIA, 2026 (0) AIJEL-SC 76641, CRIMINAL APPEAL NO(S). 1837-38 OF 2011, FEBRUARY 23, 2026** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંત ધ્યાને રાખવો આવશ્યક જણાય છે. તેમાં ઠરાવ્યું છે કે,

> 67. The object of the provision is to ensure that criminal liability cannot be evaded on the plea that specific role of the particular accused could not be discerned from the evidence. *Conduct of each person forming the unlawful assembly, coupled with participation in prosecution of the common object, is sufficient to fasten vicarious liability on every member of the assembly for the offence committed by any member of that assembly.* **<u>In such circumstances, it is immaterial as to which accused delivered the fatal injury, once the offence is shown to have been committed in furtherance of the common object of the unlawful assembly.</u>** For this purpose, reference may be made to the decision of this Court in ***<u>Nitya Nand v. State of U.P., (2024) 9 SCC 314</u>***

wherein the scope and ambit of Section 149 IPC was elaborated in the following terms:-

> 43. This brings us to the pivotal section which is Section 149 IPC. Section 149 IPC says that every member of an unlawful assembly shall be guilty of the offence committed in prosecution of the common object. Section 149 IPC is quite categorical. ***It says that if an offence is committed by any member of an unlawful assembly in prosecution of the common object of that assembly, or such as the members of that assembly knew to be likely to be committed in prosecution of that object, every person who, at the time of committing of that offence, is a member of the said assembly; is guilty of that offence.*** Thus, if it is a case of murder under Section 302 IPC, each member of the unlawful assembly would be guilty of committing the offence under Section 302IPC.
>
> 44. In ***Krishnappa v. State of Karnataka, (2012) 11 SCC 237 : (2013) 1 SCC (Cri) 621]***, this Court while examining Section 149IPC held as follows: (SCC p. 243, paras 20-21)
>
>> 20. It is now well-settled law that the provisions of Section 149IPC will be attracted whenever any offence committed by any member of an unlawful assembly in prosecution of the common object of that assembly, or when the members of that assembly knew that offence is likely to be committed in prosecution of that object, so that every person, who, at the time of committing of that offence is a member, will be also vicariously held liable and guilty of that offence. ***Section 149 IPC creates a constructive or vicarious liability of the members of the unlawful assembly for the unlawful acts committed pursuant to the common object by any other member of that assembly.*** This principle ropes in every member of the assembly to be guilty of an offence where that offence is committed by any member of that assembly in prosecution of common object of that assembly, or such members or assembly

> knew that offence is likely to be committed in prosecution of that object.
>
> 21. The factum of causing injury or not causing injury would not be relevant, where the accused is sought to be roped in with the aid of Section 149 IPC. The relevant question to be examined by the court is whether the accused was a member of an unlawful assembly and not whether he actually took active part in the crime or not.

45. Thus, this Court in Krishnappa case [Krishnappa v. State of Karnataka, (2012) 11 SCC 237 : (2013) 1 SCC (Cri) 621] held that Section 149IPC creates a constructive or vicarious liability of the members of the unlawful assembly for the unlawful acts committed pursuant to the common object by any other member of that assembly. ***By application of this principle, every member of an unlawful assembly is roped in to be held guilty of the offence committed by any member of that assembly in prosecution of the common object of that assembly.*** The factum of causing injury or not causing injury would not be relevant when an accused is roped in with the aid of Section 149 IPC. The question which is relevant and which is required to be answered by the court is whether the accused was a member of an unlawful assembly and not whether he actually took part in the crime or not.

46. As a matter of fact, this Court in ***Vinubhai Ranchhodbhai Patel v. Rajivbhai Dudabhai Patel [Vinubhai Ranchhodbhai Patel v. Rajivbhai Dudabhai Patel, (2018) 7 SCC 743 : (2018) 3 SCC (Cri) 340]*** has reiterated the position that Section 149IPC does not create a separate offence but only declares vicarious liability of all members of the unlawful assembly for acts done in common object. This Court has held: (SCC pp. 752-53 & 756, paras 20, 22 & 34)

> 20. In cases where a large number of accused constituting an unlawful assembly are alleged to have attacked and killed one or more persons, it is not necessary that each of the accused should inflict fatal injuries or any injury at all.

Invocation of Section 149 is essential in such cases for punishing the members of such unlawful assemblies on the ground of vicarious liability even though they are not accused of having inflicted fatal injuries in appropriate cases if the evidence on record justifies. The mere presence of an accused in such an unlawful assembly is sufficient to render him vicariously liable under Section 149IPC for causing the death of the victim of the attack provided that the accused are told that they have to face a charge rendering them vicariously liable under Section 149IPC for the offence punishable under Section 302IPC. Failure to appropriately invoke and apply Section 149 enables large number of offenders to get away with the crime.

***

22. When a large number of people gather together (assemble) and commit an offence, it is possible that only some of the members of the assembly commit the crucial act which renders the transaction an offence and the remaining members do not take part in that crucial act - for example in a case of murder, the infliction of the fatal injury. It is in those situations, the legislature thought it fit as a matter of legislative policy to press into service the concept of vicarious liability for the crime. [Ramu Gope v. State of Bihar, 1968 SCC OnLine SC 74, para 5 : AIR 1969 SC 689, p. 692, para 5:5. When a concerted attack is made on the victim by a large number of persons it is often difficult to determine the actual part played by each offender. But on that account for an offence committed by a member of the unlawful assembly in the prosecution of the common object or for an offence which was known to be likely to be committed in prosecution of the common object, persons proved to be members cannot escape the consequences arising from the doing of that act which amounts to an offence.]

Section 149IPC is one such provision. It is a provision conceived in the larger public interest to maintain the tranquillity of the society and prevent wrongdoers (who actively collaborate or assist the commission of offences) claiming impunity on the ground that their activity as members of the unlawful assembly is limited.

***

34. **For mulcting liability on the members of an unlawful assembly under Section 149, it is not necessary that every member of the unlawful assembly should commit the offence in prosecution of the common object of the assembly. Mere knowledge of the likelihood of commission of such an offence by the members of the assembly is sufficient.** For example, if five or more members carrying AK 47 rifles collectively attack a victim and cause his death by gunshot injuries, the fact that one or two of the members of the assembly did not in fact fire their weapons does not mean that they did not have the knowledge of the fact that the offence of murder is likely to be committed.

[Emphasis supplied]

(૨૭.૧) ઉપરોક્ત પ્રસ્થાપિત સિદ્ધાંત સંદર્ભમાં હાથ ઉપરના કેસની હકીકત ધ્યાને રાખવામાં આવે તો એ સ્પષ્ટ છે હુમલો કરીને ઈજા પહોંચાડવાની મુખ્ય ભુમિકા આરોપી મનસુખભાઈ કરેલી છે, પરંતુ એ હકીકત પણ રેકર્ડ ઉપર પ્રસ્થાપિત છે કે, આરોપી હરીભાઈ, અનિલભાઈ, યોગેશભાઈ અને મહેશભાઈ તમામ બનાવ સ્થળે ગયેલા અને તે વખતે મનસુખભાઈએ લોખંડના પાઈપ વડે ફરિયાદી ઉપર હુમલો કરતાં અસ્થિભંગ જેવી મહાવ્યથા થવા પામેલી, જે મહાવ્યથાની હકીકતને મેડીકલ એવીડન્સથી પણ સમર્થન મળેલ છે. ત્યારે સ્વાભાવિક છે કે, આ કાયદા વિરૂદ્ધની મંડળીના દરેક સભ્ય જાણતા હતા કે શાના માટે હથિયારો સાથે લીધા છે અને ઉદ્દેશ

શું છે. ત્યારે આ કિસ્સામાં ભલે મુખ્ય ભુમિકા મનસુખભાઈની એકલાની માનવામાં આવે તો પણ તમામ આરોપીઓની વાઈકેરીયસ લાયેબીલીટી ચોક્કસપણે ઉદ્ભવે છે.

(૨૮) ઉપરોક્ત ચર્ચા બાદ હવે એ હકીકત રેકર્ડ ઉપર પ્રસ્થાપિત થઈ ગયેલ છે કે, આ કામના આરોપીઓ કાયદા વિરૂદ્ધની મંડળીના સભ્ય હતા, અને તેમનો સમાન ઉદ્દેશ પાર પાડવાના ભાગરૂપે જ તેઓ લોખંડની પાઈપ અને લાકાડાના ધોકા જેવા હથિયારો સાથે બનાવ સ્થળ જઈને ફરિયાદી ઉપર હુમલો કર્યો હતો. હવે અહીં આરોપી પક્ષની એક તકરાર એવી પણ રહેલી છે કે, પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલા છે, પંચનામાની હકીકતને સમર્થન આપતા નથી, ત્યારે રજૂ થયેલ પંચનામું પુરવાર થતું નથી. જે હકીકત સંદર્ભમાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો પંચ સાહેદ કિશનભાઈ ગમારા આંક-૬૭ ની સરતપાસમાં બનાવ વાળી જગ્યાના પંચનામાને સમર્થન આપે છે, જો કે તેમની ઉલટતપાસમાં થોડોક વિરોધાભાસ આવેલ છે, પરંતુ આ કામે તપાસ કરનાર અધિકારી સાહેદ મેહુલકુમાર રસીકભાઈ ગોંડલીયાને આંક-૧૦૪ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ સરતપાસમાં સ્પષ્ટ જણાવે છે કે, તેઓએ બનાવ વાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ હોવાની હકીકત સ્પષ્ટ જણાવે છે. વળી, પંચોની હાજરીમાં સ્થાનિક પંચનામું નહીં કરવામાં આવેલ હોવાની હકીકત આરોપી પક્ષે પુછતાં તે પણ નકારી કાઢી છે. આ પંચનામાનું ખંડન થાય તેવી કોઈ હકીકત આરોપી પક્ષ સાહેદની ઉલટતપાસમાં બહાર લાવી શકેલ નથી.

(૨૯) આથી વિશેષ હકીકતે જોવામાં આવે તો આરોપી પક્ષે **Krishnegowda & Ors vs. State of Karnataka** ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતનો આધાર લીધો છે અને દલીલ કરી છે કે, મેડીકલ એવીડન્સમાં વિરોધાભાસ આવતો હોય તેનો લાભ આરોપીને મળવો જોઈએ. સદરહું ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત માનસહ વંચાણે લીધો. તેમાં ઠરાવ્યું છે કે,

20. Generally in the criminal cases, discrepancies in the evidence of witness is bound to happen because there would be considerable gap between the date of incident and the time of deposing evidence before the Court, but if these contradictions create such serious doubt in the mind of the Court about the truthfulness of the witnesses and it appears to the Court that there is clear improvement, then it is not safe to rely on such evidence.

(૨૯.૧) ઉપરોક્ત પ્રસ્થાપિત સિદ્ધાંત સંદર્ભમાં રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને રાખવામાં આવે તો આંક-૫૭ ની ફરિયાદ મુજબ સ્પષ્ટ છે કે, બનાવ તા.૧૩.૦૯.૨૦૧૪ ના રોજ બનેલો અને તે જ દિવસે ફરિયાદીને સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. જેમાં સૌ પ્રથમ કાલાવડ સરકારી દવાખાને સરવાર કરાવેલી, ત્યારબાદ જી.જી.હોસ્પિટલ જામનગર ખાતે સારવાર કરાવેલી. ફરિયાદીના પુરાવાથી એવી હકીકત બહાર આવેલી છેકે, ત્યારબાદ ફરિયાદીએ પ્રાઈવેટ હોસ્પિટલમાં સીફ્ટ સારવાર લીધેલી. જેના ખુલાસાના ભાગરૂપે ફરિયાદીએ સરતપાસમાં જ સ્પષ્ટ જણાવ્યું છેકે, તેમને જામનગર સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલા, જ્યાં શનિવાર રવિવારની જાહેર રજા આવતી હોય ઑપરેશન ન થતાં પ્રાઈવેટ હોસ્પિટલમાં ગયેલા. જેના ખંડનમાં આરોપી પક્ષ એવો બચાવ લઈ રહ્યા છે કે, જાહેર રજાના દિવસે સરકારી હોસ્પિટલ બંધ હોતી નથી. જો કે, જ્યારે કોઈ વ્યક્તિને ઑપરેશન જેવી મોટી સારવાર કરવવાની હોય તો સ્વાભાવિક છે કે, પોતાને સેકન્ડ મેડીકલ ઓપીનીયન લે જ, અને તેના ભાગરૂપે તેઓ અલગ અલગ પ્રાઈવેટ હોસ્પિટલમાં ગયા હોય અને ત્યાં સારવાાર લીધી હોય તો તેનાથી ઈજા પામનારને કોઈ ઈજાઓ થયેલી જ ન હતી તેવું અનુમાન કરી શકાય નહીં. આ તબક્કે મેડીકલ ઓફીસર ડૉ.મેહુલ હરેશભાઈ શાહને આંક-૮૨ થી તપાસેલ છે, તેઓ સ્પષ્ટ પુરાવો આપે છે કે, તા.૧૪.૦૯.૨૦૧૪ ના રોજ રાજશીભાઈને તેમના ભાઈ ધરણાંતભાઈ તેમની હોસ્પિટલે લઈને આવેલા. આ

મેડીકલ ઓફીસરની ઉલટતપાસમાં મેડીકલ ઈનડોર કેસ રેકોર્ડ આંક-૮૪ થી રજૂ થયેલ છે. તે પણ વંચાણે લેવામાં આવે તો DOA (Date of Admission) તા.૧૪.૦૯.૨૦૧૪ ના કલાક 02:00AM દર્શાવેલ છે. જે તમામ હકીકતોને ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંત સંદર્ભમાં જોવામાં આવે તો હોસ્પિટલમાં સારવાર લીધાની અને દાખલ તારીખની તકરાર લીધી છે, પરંતુ ફરિયાદીને કોઈ ઈજા થયેલી જ નહીં, કે આરોપીઓએ આવી કોઈ ઈજા પહોંચાડી નથી તેવી હકીકત મજબુત પુરાવો રજૂ કરીને આરોપી પક્ષ પુરવાર કરી શકેલ નથી. ત્યારે સદરહું ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતનો લાભ આરોપી પક્ષને મળવાપાત્ર નહીં હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે.

(૩૦) આથી વિશેષ હકીકતે જોવામાં આવે તો આરોપી વિરૂદ્ધ ગાળો બોલી ઉશ્કેરણી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાનો પણ એક આક્ષેપ છે. તે સંદર્ભમાં આ તબક્કે **Pravinbhai Becherbhai Vankar Versus State Of Gujarat, 2006(0) AIJEL-HC 217263, GUJARAT HIGH COURT** ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને માનસહ ધ્યાને રાખીને પ્રસ્તુત કેસમાં કરેલ પુરાવાનું ગુણદોષ ઉપરનું મૂલ્યાંકન જોવામાં આવે તો અગાઉ ચર્ચા કરી તેમ આરોપી મનસુખભાઈએ ગાળો બોલેલી તે હીકકત ફરિયાદીએ સરતપાસમાં શબ્દસઃ જણાવેલી છે. પરંતુ આંક-૫૭ ની ફરિયાદમાં જે રીવોલ્વર તાકી આટલ વાર લાગશે તેવું કહ્યાનો આક્ષેપ છે, તે સંદર્ભમાં જોવામાં આવે તો સૌ પ્રથમ તો નોંધનીય છે કે, તપાસ અધિકારીએ આવી કોઈ રીવોલ્વર કબજે લીધી નથી. વળી, આવી ધમકી આપ્યા બાદ તેની માઠી અસર ફરિયાદીની દૈનિક જીવનચર્યા ઉપર પડી હોય તેવો હકીકત પણ પ્રોસીક્યુશન રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરી શકેલ નથી.

(૩૧) આથી વિશેષ હકીકતે જોવામાં આવે તો બનાવ તારીખે સમયે અને સ્થળે હથિયાર બંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં આરોપીઓએ બનાવ સમયે

લોખંડની પાઈપનો હથિયાર તરીકે ઉપયોગ કરી જાહેરનામાનો ભંગ કરેલ છે તેવો આક્ષેપ છે. તે સંદર્ભમાં આ કામે પ્રોસીક્યુશન તરફે સાહેદ મુકેશકુમાર મોહનભાઈ સોલંકીને આંક-૧૦૭ થી તપાસેલ છે. તેઓ કલેક્ટર કચેરીમાં ફોજદારી શાખામાં ફરજ બજાવે છે અને તેમના સોગંદ ઉપરના પુરાવા દરમ્યાન આ હથિયારબંધીનું જાહેરનામું આંક-૧૦૮ થી રેકર્ડ ઉપર રજૂ થયેલ છે. આ જાહેરનામું બનાવ તારીખે, સમયે અને સ્થળે અમલમાં ન હતું તેવી હકીકત આરોપી પક્ષ સાહેદની ઉલટતપાસથી બહાર કઢાવી શકેલ નથી. આ આંક-૧૦૮ વંચાણે લેવામાં આવે તો તે જાહેરનામું જામનગર જીલ્લામાં તા.૨૬.૦૮.૨૦૧૪ ના કલાક ૧૧ વાગ્યાથી તા.૨૪.૦૯.૨૦૧૪ ના કાલક ૨૪ વાગ્યા સુધી અમલી હતુ, હાલના કેસની બનાવ તા.૧૩.૦૯.૨૦૧૪ ની છે, ત્યારે સ્વાભાવિકપણે માનવાને કારણ રહે છે કે, બનાવ તારીખે, સમયે અને સ્થળે આ જાહેરનામું અમલમાં હતુ. અગાઉ ચર્ચા કરી તેમ આરોપી મનસુખભાઈએ કાયદા વિરૂદ્ધની મંડળી રચીને લોખંડની પાઈપ ધારણ કરી તેનો હથિયાર તરીકે ઉપયોગ કરી તેનાથી ફરિયાદીને ઈજા પહોંચાડેલ હોવાની હકીકત પુરવાર થયેલી છે. ત્યારે આરોપીઓએ આ હથિયારબંધીના જાહેરનામાનો પણ ભંગ કરેલ હોવાની હકીકત સ્પષ્ટપણે માનવાને કારણ રહે છે.

(૩૨) તમામ હકીકત અને સંજોગો, રેકર્ડ ઉપર ઉપલબ્ધ તમામ પુરાવાની કાયદાના પરિક્ષેત્રમાં રહીને ગુણદોષ ઉપર કરેલ ચર્ચા અને અવલોકનો ધ્યાને રાખતા, આરોપીઓએ કાયદા વિરૂદ્ધની મંડળી રચી, દરેક આરોપીએ તેના સક્રિય મેમ્બર બની, સમાન ઉદ્દેશ પાર પાડવા માટે હથિયાર ધારણ કરી ગુનામાં સક્રિય ભુમિકા અદા કરી, ફરિયાદી અને સાહેદો ઉપર ગંભીર હુમલો કરી, ફરિયાદીને મહાવ્યથા પહોંચાડી તથા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરીને પણ ગુનો કરેલ હોવાનો પ્રોસીક્યુશન પોતાનો કેસ શંકાથી પર રહીને પુરવાર કરી શકેલ છે. ત્યારે આ કામે ઉપસ્થિત મુદ્દા નં.૧, ૩ નો જવાબ હકારમાં તથા મુદ્દા નં.૨ નો જવાબ અંશતઃ

હકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૪ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ ફરમાવવામાં આવે છે.

**હુ ક મ**

1. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૧) મુજબ આરોપીઓને **ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૬(૨)** ના આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.
2. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૨) મુજબ આરોપીઓને **ભારતીય દંડ સંહિતાની કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૨૩, ૩૨૫, ૫૦૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫(૧)** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.
3. સજાના પ્રમાણ અંગે સાંભળવા.

હુકમ આજ તા.૨૪મી, માહે-જુલાઈ, સને-૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ - ૨૪.૦૬.૨૦૨૬**
**સ્થળ - કાલાવડ**

**(અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની)**
**જજ કોડ - જીજે૦૧૬૦૬**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, કાલાવડ**

**સજાના પ્રમાણ અંગે સાંભળ્યા.**

(૩૩) આ કામે પ્રોસીક્યુશન તરફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી છે કે, આરોપીઓ વિરૂદ્ધનો ગુનો શંકાથી પર રહીને ફરિયાદ પક્ષે પુરવાર કરેલ છે. આરોપીઓએ કાયદા વિરૂદ્ધની મંડળી રચી તેના સભ્ય બની લોખંડનો પાઈપ ધારણ કરી તેનો હથિયાર તરીકે ઉપયોગ કરી ફરિયાદીને મહાવ્યથા પહોંચાડ્યાની હકીકત પુરવાર થયેલી છે. ત્યારે હળવાશથી લઈ ઓછી સજા કરવામાં આવે તો કાયદાનો ડર રહે નહીં અને સમાજ ઉપર પણ માઠી અસર પડે. આરોપીઓ હેબીચ્યુઅલ ઓફેન્ડર હોઈ, કાયદામાં દર્શાવેલી મહત્તમ સજા ફરમાવવા ભારપૂર્વક દલીલ કરી છે.

(૩૪) આ કામે આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ દલીલ કરી છે કે, આરોપીઓ પરિવારના એકમાત્ર કમાનાર ઈસમો છે, તેઓને જેલમાં જવા વારો આવશે તો પરિવારને ભુખે મરવાનો પ્રસંગ બને તેમ છે. આરોપીઓ કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી કે તેઓને કોઈ ગુનામાં નામદાર કોર્ટે કોઈ સજા ફરમાવી હોય તેવો કોઈ કેસ બનેલ નથી. જે તમામ હકીકતોને ધ્યાને રાખીને તેઓને ઓછામાં ઓછી સજા ફરમાવવા ભારપૂર્વક દલીલ કરી છે.

(૩૫) તમામ હકીકતો અને ઉપરોક્ત રજૂઆતોને સમગ્રપણે ધ્યાનમાં લેવામાં આવેલ છે. આરોપીઓ સામેનો ગંભીર ગુનો પુરવાર થયેલ છે. ગુનાની હકીકત ધ્યાને રાખવામાં આવે તો કાયદાના ડર વગર બેખોફ થઈને કાયદા વિરૂદ્ધની મંડળી રચી તેના સભ્ય બની લોખંડની પાઈપને હથિયાર તરીકે ધારણ કરી જાહેરમાં ફરિયાદી ઉપર હુમલો કરી મહાવ્યથા પહોંચાડી હોવાનો ગુનો પુરવાર થયેલો છે. આ એક ગંભીર બાબત છે, તેને હળવાશથી લઈ શકાય તેમ નથી. ગુનાની ગંભીરતાને ધ્યાને રાખતા આરોપીઓને હળવી સજા કરવા પાત્ર પણ કેસ નહીં હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે સ્પષ્ટ માનવું છે. જે તમામ હકીકતોને ધ્યાનમાં રાખતા ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

1. આરોપીઓ નામે (૧) મનસુખભાઈ ઉર્ફે ગીરધરભાઈ વીરજીભાઈ જેસડીયા, (૨) હરજીભાઈ વીરજીભાઈ જેસડીયા, (૩) અનિલભાઈ હરજીભાઈ જેસડીયા, (૪) યોગેશભાઈ મનજીભાઈ ભાલારા તથા (૫) મહેશભાઈ

ગોરધનભાઈ ખાપરા નાઓ દરેકને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૨) અન્વયે **ભારતીય દંડ સંહિતાની કલમ-૧૪૩ સાથે વાંચતા કલમ-૧૪૯ મુજબ**ના ગુના સબબ ૦૬ (છ) માસની સાદી કેદની સજા તથા પ્રત્યેક આરોપીને રૂા.૧૦૦/- (અંકે રૂપિયા એક સો પુરા) લેખે દંડનો હુકમ કરવામાં આવે છે. જો કોઈ આરોપી દંડની રકમ ભરપાઈ કરે નહીં તો દિન-૧૫ ની વધુ સાદી કેદની સજા કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

2. આરોપીઓ નામે (૧) મનસુખભાઈ ઉર્ફે ગીરધરભાઈ વીરજીભાઈ જેસડીયા, (૨) હરજીભાઈ વીરજીભાઈ જેસડીયા, (૩) અનિલભાઈ હરજીભાઈ જેસડીયા, (૪) યોગેશભાઈ મનજીભાઈ ભાલારા તથા (૫) મહેશભાઈ ગોરધનભાઈ ખાપરા નાઓ દરેકને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૨) અન્વયે **ભારતીય દંડ સંહિતાની કલમ-૧૪૭ સાથે વાંચતા કલમ-૧૪૯ મુજબ**ના ગુના સબબ ૦૨ (બે) વર્ષની સાદી કેદની સજા તથા પ્રત્યેક આરોપીને રૂા.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) લેખે દંડનો હુકમ કરવામાં આવે છે. જો કોઈ આરોપી દંડની રકમ ભરપાઈ કરે નહીં તો ૦૬ (છ) માસની વધુ સાદી કેદની સજા કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

3. આરોપીઓ નામે (૧) મનસુખભાઈ ઉર્ફે ગીરધરભાઈ વીરજીભાઈ જેસડીયા, (૨) હરજીભાઈ વીરજીભાઈ જેસડીયા, (૩) અનિલભાઈ હરજીભાઈ જેસડીયા, (૪) યોગેશભાઈ મનજીભાઈ ભાલારા તથા (૫) મહેશભાઈ ગોરધનભાઈ ખાપરા નાઓ દરેકને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૨) અન્વયે **ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩ મુજબ**ના ગુના સબબ ૦૧ (એક) વર્ષની સાદી કેદની સજા તથા પ્રત્યેક આરોપીને રૂા.૫૦૦/- (અંકે રૂપિયા પાંચ સો પુરા) લેખે દંડનો હુકમ કરવામાં આવે છે. જો કોઈ આરોપી દંડની રકમ ભરપાઈ કરે નહીં તો ૦૩ (ત્રણ) માસની વધુ સાદી કેદની સજા કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

4. આરોપીઓ નામે (૧) મનસુખભાઈ ઉર્ફે ગીરધરભાઈ વીરજીભાઈ જેસડીયા, (૨) હરજીભાઈ વીરજીભાઈ જેસડીયા, (૩) અનિલભાઈ હરજીભાઈ જેસડીયા, (૪) યોગેશભાઈ મનજીભાઈ ભાલારા તથા (૫) મહેશભાઈ ગોરધનભાઈ ખાપરા નાઓ દરેકને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૨) અન્વયે **ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૫ મુજબ**ના ગુના સબબ ૦૩

(ત્રણ) વર્ષની સાદી કેદની સજા તથા પ્રત્યેક આરોપીને રૂા.૨૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા) લેખે દંડનો હુકમ કરવામાં આવે છે. જો કોઈ આરોપી દંડની રકમ ભરપાઈ કરે નહીં તો ૦૯ (નવ) માસની વધુ સાદી કેદની સજા કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

5. આરોપીઓ નામે (૧) મનસુખભાઈ ઉર્ફે ગીરધરભાઈ વીરજીભાઈ જેસડીયા, (૨) હરજીભાઈ વીરજીભાઈ જેસડીયા, (૩) અનિલભાઈ હરજીભાઈ જેસડીયા, (૪) યોગેશભાઈ મનજીભાઈ ભાલારા તથા (૫) મહેશભાઈ ગોરધનભાઈ ખાપરા નાઓ દરેકને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૨) અન્વયે **ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪** મુજબના ગુના સબબ ૦૨ (બે) વર્ષની સાદી કેદની સજા તથા પ્રત્યેક આરોપીને રૂા.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) લેખે દંડનો હુકમ કરવામાં આવે છે. જો કોઈ આરોપી દંડની રકમ ભરપાઈ કરે નહીં તો ૦૬ (છ) માસની વધુ સાદી કેદની સજા કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

6. આરોપીઓ નામે (૧) મનસુખભાઈ ઉર્ફે ગીરધરભાઈ વીરજીભાઈ જેસડીયા, (૨) હરજીભાઈ વીરજીભાઈ જેસડીયા, (૩) અનિલભાઈ હરજીભાઈ જેસડીયા, (૪) યોગેશભાઈ મનજીભાઈ ભાલારા તથા (૫) મહેશભાઈ ગોરધનભાઈ ખાપરા નાઓ દરેકને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૨) અન્વયે **ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫(૧) મુજબ**ના શિક્ષાપાત્ર ગુનાના આરોપમાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને ૦૩ (ત્રણ) માસની સાદી કેદની સજા અને રૂા.૫૦૦/- (અંકે રૂપિયા પાંચ સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરપાઈ કરે નહીં તો આરોપીએ વધુ ૧૦ (દસ) દિવસની સાદી કેદની સજા ભોગવવા આથી હુકમ કરવામાં આવે છે.

7. દરેક આરોપીઓના બેઈલ બોન્ડ રદ કરવામાં આવે છે.

8. *ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૨૮* અન્વયે આ કામે દરેક આરોપીએ ટ્રાયલ દરમ્યાન કોઈ સમય સુધી જેલમાં રહ્યા હોય તો તેટલો સમય આરોપીને મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે તેમજ ઉપરોક્ત ફરમાવેલ તમામ ગુનાઓની સજા તેઓએ એક સાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

9. અપીલ સમય પુરો થયા બાદ જો હાલના ચુકાદા વિરુદ્ધ અપીલ થયેલી ના હોય તો, આ કામે કબજે લેવાયેલ મુદ્દામાલ આર્ટિકલ નં.૨ વાળુ વાહન તેના મુળ માલીકની ખાતરી કરીને તપાસ અધિકારીએ પરત કરવું તથા બાકીના મુદ્દામાલનો નાશ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

10. *ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૬૩* મુજબ આ હુકમની એક નકલ દરેક આરોપીને વિના મૂલ્યે તાત્કાલીક આપવી.

હુકમ આજ તા.૨૪[મી] માહે- જુન, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ - ૨૪/૦૬/૨૦૨૬**
**સ્થળ -કાલાવડ**

**(અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની)**
**જજ કોડ - જીજે૦૧૬૦૬**
**જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ, કાલાવડ**